સદ્‌ગૃહસ્થોને ભેટ આપવા માટે,

પ્રવિણસાગર મુક્તાવળી

ગ્રંથનો ટુંકામાં સાર.

બનાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

છગનલાલ ખુશાલજી.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

વ્રજવિહાર મુક્તાવળી

ગ્રંથનો ટૂંકામાં સાર.

સદ્‌ગૃહસ્થોને ભેટ આપવા માટે,

બનાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

વાડાસિનોરના મોઢ બ્રાહ્મણ,

છગનલાલ ખુશાલજી.

અમદાવાદ

"આર્યોદય" પ્રેસમાં અંબાશંકર બહેચરભાઈ
વૈદ્યે છાપ્યો.

સંવત ૧૯૫૭. સને ૧૯૦૧.

કિંમત ૦—૦—૦.

વ્રજવિહાર મુક્તાવળી-
નો સારાંશ.

એક વખત વાંચો. આખા ગ્રંથની
મતલબ ટૂંકામાં છે.

આ ગ્રંથ ઘણાજ પરિશ્રમથી બનાવ્યો છે. એમાં ગુજરાતી લિપિ, અને ગુજરાતી તથા વ્રજભાષા વાપરેલી છે. તમામ ગ્રંથ પદ્યરચનાથી બનેલો છે, તેમાં દરેક પદને મથાળે જૂના જાણીતા રાગનું નામ આપેલું છે, અને તે રાગ પણ ઘણા સહેલાઈથી ગાઈ શકાય તેવા છે. એમાં ગરબા, ગરબી, ગીત, ધોળ, લાવણી, ઠુમરી, ગજલ, ભેરવી, કાનરો, પરજ, દેવગંધાર, ધનાશ્રી, પરજ, કાળંગડો, સોહણી, પ્રભાત, ગોડી, આશાગોડી, બનઝારો અને ગજલ, વગેરે રાગો દાખલ કરેલા છે. આ ગ્રંથ વૈષ્ણવજનને સ્ત્રી અને પુરૂષોને વાંચવાથી અતિ આનંદ આપે તેમ છે. પુસ્તક મોટું થઇ જવાથી એના બે ભાગ કરેલા છે. આ પુસ્તક વ્રજવિલાસ ગ્રંથના આશ્રયથી બનાવેલું છે. તેથી તેમાં જે જે લીલા કહેલી છે તેજ લીલાઓનું આમાં યથાસ્થિત વર્ણન કરેલું છે. એટલે દેવકીજીનાં લગ્નથી શરૂ કરી દાણલીલા સુધી પ્રથમ ભાગમાં લીલા આવેલી છે. અને બીજા ભાગમાં ગોપિગોના પ્રેમની ઉન્મત્ત અવસ્થાથી લગાયત અગિયાર વર્ષ ને બાવન દિવસમાં જે જે લીલા કરી તે તથા મથુરાં જઇ કંસને મારી પછી ઉદ્ધવજીને વ્રજમાં મોકલ્યા ને તે સમાચાર લેઇને આવ્યા ત્યાં સુધીનું વર્ણન છે. તે આ પત્રમાં આગળ વિગતવાર જણાવીશું. અને દરેક લીલાનાં કેટલાં કેટલાં પદ છે તે પણ સહેજથી જણાઇ આવશે. તેમ દરેક પૃષ્ટમાં જે અઘરા શબ્દો આવેલા છે, તેનો અર્થ તેજ પૃષ્ટ નીચે આપેલો છે.

ભાગ ૧ લાનું મંગળાચરણ.

પદ ૧. રાગ બનઝારો.

શ્રીપતિ[1] પરમ[2] સુખકારી, વંદુ વ્રજના કુંજબિહારી. ટેક.
વંદુ વાસુદેવ ભગવાન, જે છે પૂર્ણ દયાના નિધાનરે;[3]
આવ્યા ભૂપર[4] નરતન ધારી;[5] વંદુ વ્રજના૰ ૧
વંદુ જગતપતિ[6] જગદિશ,[7] વંદુ ચૌદ બ્રહ્માંડના ધિશરે;[8]
વંદુ કૃષ્ણ સદા બ્રહ્મચારી; વંદુ વ્રજના૰ ૨
વંદુ બંસીધર વનમાળી, જેણે દેવતાની દુગ્ધા ટાળીરે;
દિધો ભૂમિનો ભાર ઊતારી; વંદુ વ્રજના૰ ૩
વંદુ ગૌલોક કેરારે વાસી, વંદુ વૈકુંઠતણા નિવાસીરે;
વંદુ પિતાંબર વેણુ ધારી; વંદુ વ્રજના૰ ૪
વંદુ વંદ્રાવનના વિલાસી, વંદુ ક્ષિરસાગરના વાસીરે;
વંદુ દુષ્ટ દનુજ[9] સંહારી; વંદુ વ્રજના૰ ૫
વંદુ ભક્તના દુઃખમોચન, વંદુ કમળદળલોચનરે;
વંદુ સંતતણા સુખકારી; વંદુ વ્રજના૰ ૬
ભારત[10] ભૂમિમાં પ્રભુ આવ્યા, કંઇ સંતના શોક સમાવ્યારે;
ગોદ્વિજ[11] હિત મન વિચારી; વંદુ વ્રજના૰ ૭
વંદુ વિશ્વતણા પાળનાર, વંદુ જગતના પ્રાણાધારરે;
દાસ છગન જાયછે વારી; વંદુ વ્રજના૰ ૮

પદ ૨. રાગ ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળી કાળકારે લોલ--એ રાગ.

વંદુ કૃષ્ણાગ્રજ[12] બળરામકે, નિલાંબર તન ધરેરે લોલ;
દાઉદજી છે તેમનું નામકે, અતિ પ્રાક્રમ કરેરે લોલ.

---

૧ લક્ષ્મિપતિ. ૨ ઘણા. ૩ ભંડાર. ૪ પૃથ્વિપર. ૫ મનુષ્યાદેહ. ૬ જગતના ધણી. ૭ જગતના ઈશ્વર. ૮ રાજા. ૯. દૈત્ય. ૧૦. ભરતખંડમાં. ૧૧. ગાય અને બ્રાહ્મણ. ૧૨. કૃષ્ણના પહેલાં ઉત્પન્ન થએલા તે.

વંદુ જોડીને બેઉ હાથકે, વસુદેવ તાતનેરે લોલ;
વંદુ વિનયથી વારંવારકે, દેવકિજી માતનેરે લોલ. ૨
વંદુ નંદ મહેરને પાયકે, જશોદાજી માવડિરે લોલ;
પ્રભુજી રહ્યા તેમને ઘેરકે, ચરાવી ત્યાં ગાવડિરે લોલ. ૩
વંદુ જોડીને જુગલ હાથકે, રોહિણીજી માતનેરે લોલ;
વંદુ વૃષભાનુ[1] અને કિર્તિકે, રાધાનાં માતતાતનેરે લોલ. ૪
વંદુ રાધાજીને કર જોડકે, રાણી પ્રભુજીતણીરે લોલ;
વનમાળીને વશમાં કીધાકે, ચાતુરી કીધી ઘણીરે લોલ. ૫
એતો બંને છે એક સ્વરૂપકે, જૂદાં નવ જાણુશોરે લોલ;
માયા ને બ્રહ્મ પ્રગટ્યાં સાથકે, અંદેશો ન આણુશોરે લોલ. ૬
ગૌલોકમાં છે જેનો નિવાસકે, પ્રિતિ ઘન[2] મોરછેરે લોલ;
બેઉ અન્યોઅન્ય શોભેકે, ચંદ્રને ચકોરછેરે લોલ. ૭
પરસ્પર પ્રિતિ છે અપારકે, જૂદાં તો દેખાયછેરે લોલ;
પણ છે તેનું એક સ્વરૂપ કે, છગન એમ ગાયછેરે લોલ. ૮

પદ ૩. રાગ ગરબી.

માારગ મુકોને કહુછું કા'ના કયારની જો—એ રાગ.

જાઉં જુગલકિશોરને વારણેજો, ભૂતળ પ્રગટ્યાં ભકતોને કારણેજો. જાઉં૦ ૧
મુમુક્ષ પ્રાણિને માટે એ આવિયાંજો; વેદની ઋચ્યાને સંગાથે લાવિયાંજો. જાઉં૦ ૨
વસુદેવ દેવકીને વેણ આપિયુંજો, તે વચનને સ્થિર કરી સ્થાપિયુંજો. જાઉં૦ ૩
તેમ નંદ જશોદાને રમાડવાજો, ગોપગોપિને આનંદ પમાડવાજો. જાઉં૦ ૪
કંઇ દુષ્ટ દનુજને મારવાજો, કંઇ ભૂમિકેરો ભાર ઊતારવાજો. જાઉં૦ ૫
ગોદ્વિજ સાધુ અતિશે પીડાયછેજો, ત્યારે વિષ્ણુનો અવતાર થાયછેજો. જાઉં૦ ૬
આવી સંતને અતિ સુખ આપતાજો, ભક્તજનનાં તે સંકટ કાપતાજો. જાઉં૦ ૭
માટે વારંવાર હું વંદના કરૂંજો, છગન કહે ચર્ણ ચિત્તમાં ધરૂંજો. જાઉં૦ ૮

---

૧. ભ્રખુભાન. ૨. મેઘને જોઇને જેમ મોર રાજી થાયછે તેમ અન્યોઅન્ય પ્રીતિ છે.

પદ ૪. રાગ ધનાશ્રી.

મેલ મિથ્યાભિમાન મનુવા, મેલ મિથ્યાભિમાન.--એ રાગ.

વંદુ વારમવાર, હરિપદ વંદુ વારમવાર. ટેક૦
ગોપસખા જે વ્રજનારે વાસી, (૨) અને જે વ્રજની નાર. હરિપદ૦ ૧
એકવાર જો જમુનાજી વંદે, (૨) તરે સકળ સંસાર. હરિપદ૦ ૨
યમનો ભય રંચ નહિ તેને, (૨) પાન કરે એક વાર. હરિપદ૦ ૩
બંસી બટતટ વંદવા જેવો, (૨) જોતામાં ઉપજે પ્યાર. હરિપદ૦ ૪
વૃંદાવન અતિ પાવન જોઇ, (૨) પામે પદારથ[1] ચાર. હરિપદ૦ ૫
ધન્ય ભાગ્ય છે વ્રજધેનુ[2] કેરાં, (૨) કામદૂગા[3] સમસાર. હરિપદ૦ ૬
ઝાડ પહાડ રજ તૃણ ત્યાંનાં, (૨) ભાગ્યતણો નહિ પાર. હરિપદ૦ ૭
દાસ છગન એ સુખ જોઇને, (૨) જાયછે ત્યાં બલીહાર. હરિપદ૦ ૮

પદ ૫. રાગ ગરબી.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે.--એ રાગ.

ગુરૂપદ[4] પંકજ[5] વંદુ આજેરે, ભવસાગર તરવાને કાજે. ગુરૂપદ૦ ટેક.
જેણે મારગ સવળો દેખાડ્યોરે, કામ ક્રોધ લોભ દ્રોહ પછાડ્યોરે;
માયા મોહ કૂપથકી[7] કહાડ્યો, ગુરૂપદ૦ ૧
જેણે બોધ તો બહુ સારો દીધોરે, પોતે તો નિજજન જાણી લીધોરે;
ત્યારે તેણે દાસમાં દાખલ કીધો, ગુરૂપદ૦ ૨
શ્રી આચાર્ય મહાપ્રભુ જેહરે, શ્રી લક્ષ્મણભટના સુત તેહરે;
માયાવાદીનો ભાગ્યો છે સંદેહ. ગુરૂપદ૦ ૩
ચોરાશી, જે મોટા વૈષ્ણવજનરે, કૃપા કરી તેને કીધા પાવનરે;
એવા અગ્નિસુતને ધન્ય ધન્ય, ગુરૂપદ૦ ૪
ગોકુળ રહી સુખ ઉપજાવ્યુંરે, કૃષ્ણ નામતું દાન ચલાવ્યુંરે;
નામ રૂપી સદાવ્રત મચાવ્યું, ગુરૂપદ૦ ૫
કંઈ પાપિજન પાવન કીધારે, ઘણા અધમ ઉધારીને લીધારે;
ગૌલોકમાં પહોચાડીને દીધા, ગુરૂપદ૦ ૬

---

૧. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ. ૨. ગાય. ૩. દેવતાની ગાય. ૪. પગ. ૫. કમળ. ૬. સંસારરૂપી સમુદ્ર. ૭. માયા મોહરૂપી કૂવો.

શ્રૃંગારરસનો ગ્રંથ છે સાર રે, પણ શ્રોતાએ કરવો વિચાર રે;
મનુષ્યલીલા ન જાણો લગાર, ગુરૂપદ૦ ૭
પ્રેમિજન દયાળુ ને ઉદારરે, ગ્રંથ સુણવા તેનો અધિકારરે;
છગન કહે તેનો બેડો છે પાર, ગુરૂપદ૦ ૮

પદ ૬. રાગ ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળી કાળકારે લોલ–એ રાગ.

પ્રથમ નમી પ્રભુને પાય કે, વિનતિ તો ઉચરૂં રે લોલ;
વ્રજવિહાર મુક્તાવળી ગ્રંથ કે, સ્નેહથી શરૂ કરૂં રે લોલ. ૧
પદ અરાડસેંને અનુમાન કે, પ્રભુચરિત્ર કહ્યું રે લોલ,
પ્રેમે સુણજો નર ને નાર કે, વૈષ્ણવજન સહુ રે લોલ. ૨
નથી કવિ કોવિદ પંડિત કે, કાવ્ય તો જાણું નહિરે લોલ;
માત્ર ભક્તિભાવ અભિલાષ કે, હરિગુણ ગાઉં સહિરે લોલ. ૩
માત્રા અક્ષર કવિતા દોષ કે, ગણુને ગણ્યા નથી રે લોલ;
ગરબા ગરબી જૂના રાગ કે, મેં તો કીધા છે કથી રે લોલ. ૪
વિદ્વાન પંડિત ને ગુણવાન કે, દોષ નવ દેખશો રે લોલ;
કહું છું કરજોડીને આજ કે, પ્રભુ ભક્તિ પેખશો રે લોલ. ૫
હરિના દાસતણો છું દાસ કે, એવું મન ધારજો રે લોલ;
ભુલ ચૂક જો નજરમાં આવે કે, તુરત તે સુધારજો રે લોલ. ૬
લિલા એકાણુને અનુમાન કે, રસિક તે આવશે રે લોલ;
સુણતાં ગાતાં વૈષ્ણવજન કે, સુખ ઉપજાવશે રે લોલ. ૭
ઉદ્ધવ વ્રજથી મથુરાં આવે કે, કથા પુરણ થશે રે લોલ;
એવી કથાનું અધ્યયન કરતા કે, હર્ષ તો વધે ઘણો રે લોલ. ૮
જૂના રાગમાં જુગ્તે ગવાશે કે, હર્ષ તો વધે ઘણો રે લોલ;
જેહનાં ભાગ્ય હશે અપાર કે, લાભ લેશે તે તણો રે લોલ. ૯
સુર [1]સરિતા કેરૂં જે નિર કે, જેમ પાવન કરે રે લોલ;
છગન કહે તેમ શ્રોતા વક્તા કે, શીખનાર તો તરેરે લોલ. ૧૦

પ્રથમ ભાગમાં જે જે લિલા આવેલી છે તેનો ટુંકામાં સારાંશ.

પદ ૧. રાગ ગરબી.

મારગ મુકોને કહુંછું કા'ના કયારની જો—એ રાગ.

અલૌકિક લિલા હરિની કહું કથીજો, મનુષ્યચરિત્ર મેં વર્ણવ્યું નથી જો; અ. ૧
વ્રજમાં વિહાર વા'લે કીધો સહિજો, હર્ષ સહિત ટૂક વર્ણવું આહિં જો; અ. ૨
એમાં લિલા તે કઈ કઇ આવશે જો, કેવા ભકતોને લાડ લડાવશે જો; અ. ૩
ગુરૂચર્ણની રજ મુસ્તકે ધરૂં જો, સુચના લિલાની પ્રથમથી કરૂં જો; અ. ૪
વસુદેવને દેવકસુતા વર્યા જો, કંસે બેસાડી રથ વિદાય કર્યા જો; અ૦ ૫
આકાશવાણી સુણી નૃપ જાહરે જો, અતિ સોચ મનમાં થયો તાહરે જો; અ૦ ૬
આઠમો ગર્ભ શત્રુ મુને ધારશે જો, કોઇ પ્રકારથી તો નિશ્ચે મારશે જો; અ૦ ૭
મારવાને દેવકીને કંસરાજા ગયો જો, દેખી વસુદેવજીને સોચ થયો જો; અ૦ ૮
પુત્ર આપવા પ્રતિજ્ઞા પોતે કરી જો, કાળાગૃહમાં દંપતિ[2] દીધાં ધરી જો; અ૦ ૯
ખટ બાળક તેના મારી નાખિયા જો, અધર્મ દેવતાએ નવ સાંખિયા જો; અ૦ ૧૦
અસહ્ય[3] ભારથી ભૂમિ દુખિ થઇ જો, ગાયનું રૂપ લેઇ સ્વર્ગમાં ગઇ જો; અ૦ ૧૧
સ્તુતિ દેવતાએ મળી ત્યાં તો કરીજો, શેષશાઇએ[4] અર્જ ઉરમાં ધરીજો; અ૦ ૧૨
શંકરષણને[5] પ્રભુ પ્રેરણા કરીજો; દેવકી ગર્ભમાં પોતે કાયા ધરીજો; અ૦ ૧૩
યોગમાયા પ્રસંગે ગોકુળ ગયા જો, રોહિણીગર્ભથી તે પ્રગટ થયા જો; અ૦ ૧૪
માત તાતને અતિ સુખ આપવા જો, ગોદ્વિજ દેવનાં દુખડાં કાપવા જો; અ૦ ૧૫
દેવકી આઠમા ગર્ભમાં આવિયા જો, દાસ છગન તણું મન ભાવિયા જો; અ૦ ૧૬

પદ ૨, રાગ ગરબી.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ.

પ્રભુજી છે સંતોના સુખકારીરે, ભક્ત કારણ તો લીલા વિસ્તારીરે. પ્રભુ૦ ટેક.
નિજ ઇચ્છાએ નરતન લીધુંરે, માત તાતને અતિ સુખ દીધું રે;

૧ ગંગાજી. ૨ સ્ત્રી પુરૂષ. ૩ સહન ન થાય તે. ૪ શેષપર આસન છે જેનું એવા ભગવાન. ૫ શેષનો અવતાર બળદેવજી.

ચત્રભુજથી દરશન દીધું, પ્રભુજી છે૦ ૧
વસુદેવ ગોકુળમાં આવ્યારે, સંગે સુતને હિત કરી લાવ્યા રે;
જસોદાની સય્યામાં પોઢાવ્યા, પ્રભુજી છે૦ ૨
કન્યા લેઈને તો પાછા વળિયારે, આવી દેવકીજીને મળિયા રે;
સુણી રૂદનને અસુરો ચળિયા, પ્રભુજી છે૦ ૩
ખબર કંસને થઈ છે જ્યારેરે, પેલી બાળકી મંગાવી ત્યારેરે;
મરતાં આકાશવાણી ઉચ્ચારે, પ્રભુજી છે૦ ૪
તેનું વચન સુણ્યું છે જે વારેરે, વ્રજનાં બાળક સૌ સંહારેરે;
વાજે વધાઇ નંદજીને દ્વારે, પ્રભુજી છે૦ ૫
નંદને ઘેર આનંદ તો થાયરે, ગોપગોપી વધાવાને જાયરે;
સૌને આનંદ અંગ ન સમાય, પ્રભુજી છે૦ ૬
ઘેર ઘેર મંગળગિત ગાયરે, તરિયાતોરણ ત્યાં બંધાયરે;
દાસ છગન વારણે જાય, પ્રભુજી છે૦ ૭

પદ ૩. રાગ ગરબી.

રણછોડ રંગીલારે, નટવર નાગરછો–એ રાગ.

છઠ્ઠિ કેરૂં પુજનરે, માતાજીયે કીધું;
ટોપી અને કુરતુરે, પ્રેમે પે’રવા દીધું. ૧
સ્તનઝેર લપટાવીરે, વ્રજ પૂતના આવી;
પ્રાણ પ્રભુએ સોસ્યારે, તેથી તો તે ન ફાવી. ૨
કાગરૂપ તો ધરીનેરે, અસુર એક ત્યાં આવ્યો;
ચાંચ તેની પકડીનેરે, મથુરાં પહોંચાવ્યો. ૩
શકટાસુર આવ્યોરે, શકટ રૂપ ધરી જ્યારે;
પ્રભુએ તેને માર્યોરે, પાટું પ્રહારથી ત્યારે. ૪
તરણાવર્ત વ્રજમાંરે, વંટોળિયો થૈ આવ્યો;
ઉત્પાત અતિ કીધોરે, ધૂમ ઘણો મચાવ્યો. ૫
પ્રભુજીને લેઇનેરે, આકાશમાં ચડિયો;
પોતે થયા ભારીરે, તેથી તે નીચે પડિયો. ૬
અન્ન પ્રાસન હરિનેરે, વિધિ સહિત કીધું;
નંદ જશોદાજીએરે, અલૌકિક સુખ લીધું. ૭

બાળકનાં ચરિત્રરે, ઘુંટણિયેથી ચાલે;
નંદજીના ઘરમાંરે, મોહનજી મહાલે. ૯
પોતે પગે ચાલીનેરે, સૌકોને સુખ આપે;
દાસ છગનનાંરે, દર્શન દૈ દુઃખ કાપે.

પદ ૪. રાગ ગરબી.

મારગ મુકીને કહુછું કાના ક્યારનીજો—એ રાગ.

બાળ વિનોદ કરે નંદ આંગણેજો, નવિન લીલા કરેછે ક્ષણે ક્ષણેજો. બાળ૰ ૧
ગર્ગમુનિ મથુરાથી આવિયાજો, નંદમહેરને મન ઘણું ભાવિયાજો. બાળ૰ ૨
તેણે લક્ષણ હરિનાં સર્વે કહ્યાંજો, સુણી અચંબો પામી સૌકો રહ્યાંજો. બાળ૰ ૩
વ્રજવાસીને અભિલાખા થૈ ઘણીજો, વરસગાંઠ કીધી મોહનતણીજો. બાળ૰ ૪
વિપ્ર એક વિવેકે ઘેર આવિયોજો, તેને જશોદાએ પાક કરાવિયોજો. બાળ૰ ૫
તેતો નૈવેદ પ્રભુને કરે જાહરેજો, શ્યામસુંદિરતો પધાર્યાં તાહરેજો. બાળ૰ ૬
ચંદ્ર માટે મોહને તો હઠ કરીજો, માતા દેખાડે પાત્રમાં જળ ભરીજો. બાળ૰ ૭
પુરાતનની કથા માતાએ કહીજો, રામાવતારની શુદ્ધ શ્યામને રહીજો. બાળ૰ ૮
હુંકારોતો કરીને હરિ ઊઠીયાજો, રાવણ ઉપર રોષથી રૂઠિયાજો. બાળ૰ ૯
કર્ણ વિંધાવ્યા પ્રભુના જેણી ઘડીજો, છગન કહે માતાને મુંજણી ચડીજો. બાળ૰ ૧૦

પદ ૫. રાગ ગરબી.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ.

વાલો મારો વ્રજમાં પોતે આવ્યારે, વ્રજવાસીને મન ઘણું ભાવ્યા. વાલો. ટેક.
લલિત લીલાથી સુખડું દેતારે, પ્રેમિજનનાં મન હરિ લેતારે;
હળીમળીને સર્વેથી રહેતા, વાલો મારો૰ ૧
મોહને મૃતિકા ખાધી જ્યારેરે, દોડ્યાં જશોદા સોટી લેઇ ત્યારેરે;
ત્રણુલોક મુખ દાખ્યા ત્યારે, વાલો મારો૰ ૨
સાળિગ્રામ મેલ્યા મુખમાંહીરે, નંદને ખોળતાં જડ્યા ન ક્યાંહીરે;
મંદ મુસ્કાઇ દેખાડ્યા છે ત્યાંહી, વાલો મારો૰ ૩
નાવા માટે હરિ બહુ રીસાવ્યારે, બહુ વિધથી માતે સમજાવ્યારે;
નંદ કોટે વળગાડીને લાવ્યા, વાલો મારો૰ ૪

ભોજનિવા ક્વા જાય ધાઇરે, સંગે બેઠાછે હળધરભાઇરે;
જોઇને નંદ રહ્યા હરખાઇ, વાલો મારો૦ ૫
કાંઇક વેરે ને કંઇક ખાયરે, દાંત તળે તો મરચું દબાયરે;
જોઇ આક્રંદ સૌ વિસ્મે થાય, વાલો મારો૦ ૬
પય છોડાવવા પેંરવી કીધીરે, માતાએ શીખ સુતને તો દીધીરે;
શ્યામે સાચી માની સર્વે લીધી, વાલો મારો૦ ૭
ચોગાન ખેલ રમવાને કીધોરે, બળદેવે તો બોધ બહુ દીધોરે;
હરિયે હઠ ઘણેરોરે લીધો, વાલો મારો૦ ૮
શ્રીદામાથી હાર્યા સુંદિરશ્યામરે, તહાં તો વાંકુ બોલ્યા તે ઠામરે;
પછી ગયા પોતાનેરે ધામ, વાલો મારો૦ ૯
ગ્વાલબાળની સંગમાં ફરતારે, માખણ ચોરી ઘરોઘર કરતારે;
કોઇનો ડર જરા નવ ધરતા, વાલો મારો૦ ૧૦
ગોપિ ઠપકો દેવાને તો આવીરે, જશોદાજીને રીસ ઉપજાવીરે;
ભક્ત કારણ ભુજાને બંધાવી, વાલો મારો૦ ૧૧
યમલાર્જુન વૃક્ષને તો પાડીરે, ધનદ[1] સુતને રૂપ દેખાડીરે;
તેને નિજલોક માંહિ પહોંચાડી, વાલો મારો૦ ૧૨
આંખ મીચ્યાનો ખેલ આદરિયોરે, ખરા ઠાઠમાં આવીને ઠરિયોરે;
શ્રીદામાને ચોર તો કરિયો, વાલો મારો૦ ૧૩
ગૌ ચારવાને ગોપ સંગ જાયરે, વચ્છાસુર આવ્યો ધરી કાયરે;
હરિયે પકડ્યા પાછલા પાય, વાલો મારો૦ ૧૪
ફેરવી મુસ્તકે પૃથ્વી પછાડયોરે, તનથી પ્રાણને જુદોજ કાઢયોરે;
પ્રભુતાનો દાખલોરે દેખાડયો, વાલો મારો૦ ૧૫
જોઇને ગોપગણ વિસ્મે થાયરે, કરી વાતોને ઘણા હરખાયરે;
છગન તો લિલા હરિની ગાય, વાલો મારો. ૧૬

પદ ૬. રાગ ગરબી.

આવો સૈયર બાઇ બેનડી, ગાઇએ ગીત રૂપાળાં—એ રાગ.

ઘેનું દોહન લીલા આવશે, વ્રજજન સુખકારી;
મોતિ વાવ્યાં નંદને આગણે, પોતે કરીનેરે ક્યારી. ૧

---

૧. કુબેરભંડારીના પુત્ર.

વૃંદાવન વાસો સંચર્યાં, બક્કાસુરનેરે માર્યો;
બાળચરિત્ર બીજાં ઘણાં, નવો ખેલ તો ધાર્યો. ૨
ભમરડી ચકરડી ખેલતા, વ્રજમાં રમવાને જાય;
શ્રી રાધા લલિતાતણી, પ્રીતિ પરસ્પર થાય. ૩
પછી અઘાસુર મારિયો, છાક[1] ગોપસંગ ખાધી;
બ્રહ્માનું મન મોહિત થયું, કરી અતિશે ઉપાધી. ૪
તેવાં સ્વરૂપ પોતે ધર્યાં, વ્રજજનને સુખ દીધું;
તે સૌ વિસ્તારથી આવશે, જે જે કામ તો કીધું. ૫
શ્રીવ્રખુભાનનાં લાડલી, એકલાં ખડકમાં આવે;
પ્રભુની પાસે અતિ પ્રેમથી, પોતે ગાય દોવરાવે. ૬
ત્યારપછી ધેનુસુરનો, દાઊજી વધ કરશે;
ઝેર ચડયું ગોપગાયને, વિષજળથી ઊગરશે. ૭
કાળી નાગને નાથિયો, પોતે જળમાંરે જઇને;
છગન નાગણી કરગરે, ઘણી ગરીબ તો થઇને. ૮

પદ ૭. રાગ બનઝારો.

લિલા નટવરની છે સારી, સુણો સંક્ષેપથી નર નારી. ટેક.
દાવાનળ[2] પછી [3]પાન કીધું, વાલે વ્રજને ઊગારી લીધુંરે;
પછી પ્રલંબાસુરને મારી, સુણો૦ ૧
પનઘટ લિલા જમુનાં કીધી, સૌ ગોપ મોહિત કરી લીધીરે,
ચિરહરણ લિલા ઊર ધારી, સુણો૦ ૨
વૃંદાવનમાં ગોપિની સંગ, લિલા નિત્ય નવ રૂડે રંગરે;
તે વનની તો શોભા ઊચ્ચારી, સુણો૦ ૩
ઋષિપત્નિનું ભોજન લીધું, અવિચળ ભક્તિનું પદ દીધુંરે;
સુરપાતની[4] પૂજા વિસારી, સુણો૦ ૪
ઇંદ્રે જળ તો મોકલી દીધું, વાલે વ્રજનું રક્ષણ કીધુંરે;
ડાબે કર ગીરિવર ધારી, સુણો૦ ૫
તે સૌ ઉત્તમ કથા સોહાઈ, કૃષ્ણકૃપાથી કહીશું ગાઇરે;

---

૧ ભાથું. ૨ દવનો અગ્નિ. ૩ પી જવું. ૪ ઇંદ્ર.

રસામૃત કહીશું વિસ્તારી, સુણો૦ ૬
નંદને વરૂણ દૂત લેઇ જાય, તેથી જળપતિ રાજી થાયરે;
ત્યાં જઈ પહોચ્યાછે મોરારી, સુણો૦ ૭
ત્યાં થકી લેઇને આવ્યા તાત, કહી છે છગને એ સૌ વાતરે;
વૈકુંઠ જોઇ વિસ્મે થયાં ભારી, સુણો૦ ૮

પદ ૮, રાગ ગરબી.

ગોપિ અતિરે ઉલટ ભરી આવેરે--એ રાગ.

કીધું વ્રજવાસીનું મન ભાવ્યુંરે, વાલે વૈકુંઠ દર્શન કરાવ્યુંરે;
અદ્ભુત લિલા પ્રભુએ કીધીરે, શ્રીરાધા ગોપિ વશ કરી લીધીરે. ૧
પોતે થયાછે કુંજના બિહારીરે, રસ શૃંગાર લિલાને વિસ્તારીરે;
ગૌલોકની લિલા હરિયે કીધીરે, સુણતાં પાવન થાય નરનારીરે. ૨
જેમ ગોપિ રહી હરિની સંગેરે, તેમ પ્રેમથી રાચ્યાં પ્રભુ રંગેરે;
પછી દાણલિલા શુભ ગવાશેરે, વ્રજ વનિતાના કારજ થાશેરે. ૩
હવે પ્રથમ ભાગ પૂરો થાશેરે, વિસ્તારથી તે તો ગવાશેરે;
રસસાગર સુંદિર જોઇનેરે, રે'શે છગનતણું મન મોહીનેરે. ૪

પ્રથમ ભાગની લિલાની અનુક્રમણિકા.

બીજા ભાગનું મંગળાચરણ.

પદ ૧. રાગ ધોળ.

હું તો થાળ ભરૂંરે, ગજ મોતીયે—એ રાગ.

અતિ સ્નેહે ગોવિંદ ભજ ભાવશું.—ટેક.

પ્રથમ વંદુ હું શ્રીવ્રજનાથને, હું તો લળિ લળિ લાગું પાય. અતિ;
વાસુદેવ વિષ્ણુનો મહિમા ઘણો, નામ દેતામાં પાપ નાશી જાય. અતિ૦ ૧
તાપ ત્રિવિધિ તણા ટળી જાયછે, જન્મ પામે ન કોઇ દિન ક્લેશ. અતિ;
શેષ મહેશ ગણેશ ગુણ ગણે, તેહનો પાર પામે નહિ લેશ. અતિ૦ ૨
તેવા પ્રભુને કર જોડી વિનવું, જેનાં અરૂણ કમળદળ નેન. અતિ;
ગોપ ગોપિને આનંદ તે આપતા, રાત દિવસ હરિજનને ચેન. અતિ૦ ૩
વ્રજવિહાર મુક્તાવળિ ગ્રંથનો, બીજો ભાગ કરૂછું પ્રકાશ. અતિ;
છગનના સ્વામિ છેલછબિલડા, પૂરી કરજો અંતરની આશ. અતિ૦ ૪

પદ ૨. રાગ ધનાશ્રી.

મેલ મિથ્યાઅભિમાન, મનવા મેલ મિથ્યાઅભિમાન—એ રાગ.

વંદુછું વારંવાર, હરિજનો, વંદુછું વારંવાર૦ ટેક૦
દોષતણા કોષ[1] સામુ નવ જોશો, (૨) હુંતો રાખું પ્રભુપર પ્યાર; હરિ૦ ૧
તમ સંતોના ચરણની રજછું, (૨) નવ જાણું કવિતા વિચાર; હરિ૦ ૨
તમ કૃપાથી પ્રભુ પ્રસન્ન રહે, (૨) તેથી ગણું તમ ઊપકાર; હરિ૦ ૩
ગ્રંથ રચવાને જ્ઞાન નથી તોય, (૨) પણ મોટો તમારો આધાર; હરિ૦ ૪
ભક્તના પ્રતાપ બળથી હું તો, (૨) છું પંગુ[2] પણ પામીશ પાર; હરિ૦ ૫
વાલ્મિકજીને હરિજન મળ્યા તો, (૨) તેને હરિજન કીધો તે વાર; હરિ૦ ૬
જેમ ઇયળને ભમરીનો ચટકો, (૨) લાગવાથી કરેછે ગુંજાર; હરિ૦ ૭
તેમ છગન કહેછે કર જોડી, (૨) મુજપર બનોને ઊદાર; હરિ૦ ૮

---

૧ ઢગલો. ૨ પગ વગરનો. અપંગ.

પદ ૩. રાગ ધોળ.

રાતો ઘોડો રણું પાખરિયો, સ્વેત ધર્યો શણગાર જોને—એ રાગ.

મનુષ્યાદેહનો મોટો લાવો, હરિનું કિર્તન થાય જોને;
રાત દિવસ રહે રાજી રાજી, ગોવિંદના ગુણુ ગાય જોને. ૧
સર્વ વસ્તુમાં સારજ એ છે, નામ હરિનું લેજો જોને;
ભવસાગરને તરવા માટે, કૃષ્ણુ કૃષ્ણ કહેજો જોને.
પ્રેમ પ્રભુમાં નિશદિન જોડી, ભક્તિ રૂડી કરજો જોને;
દુરિજન લોકો નિંદ્યા કરે તો, તે થકી ના ડરજો જોને. ૩
કથા ને કિર્તન હરિ નામનાં, સુણુજો ધરિને પ્રેમ જોને;
છગન કહે પરલોક સુધરવા, રાખજો રૂડા નેમ જોને. ૪

પદ ૪. રાગ ગરબી.

રણછોડ રંગીલારે, નટવર નાગરછો—એ રાગ.

સુકિત હોય સારાંરે, પૂર્વજન્મમાં કરતા;
મણિના સમ મોઘોરે, મનુષ્યા તો દેહ ધરતા. ૧
પ્રેમિજન બનીનેરે, ભક્તિભાવથી કરતા;
દુરિજનને દેખીરે, દિલમાં તો નવ ડરતા. ૨
સેવા અને સમરણુરે, અહોનિશ આદરતા;
[1]મુમુક્ષ તો જીવનેરે, બોધ તેતો બહુ કરતા. ૩
સુધારો ને વધારોરે, જે મનમાં આદરતા;
સાધન જે હરિનુંરે, કરવાને ચિત્તમાં ધરતા. ૪
સંસારી સુખ દુઃખરે, મિથ્યા મનમાં ગણુતા;
સદ્‌ગુરૂની તો સંગેરે, મહા મંત્રને ભણુતા. ૫
આલોક ને પરલોકરે, બંને તેના સુધરતા;
વહાલ તો કરીનેરે, વિઠ્ઠલવરને વરતા. ૬
એવા હરિજનનેરે, ધન્ય કહે નરનારી;
સુકીર્ત્તિ તો તેનીરે, વદશે મુખથી સારી. ૭
સાર્થક તો તેણેરે, દેહ ધર્યાનુંરે કીધું;
હરિરસ અમૃતરે, છગન પ્રેમથી પીધું. ૮

---

૧. પર્વનો સંસ્કારી જીવ.

પદ ૫. રાગ ગરબી.

રઘુપતી રામ હૃદેમાં રહેજોરે—એ રાગ.

ગુરૂગમ વિના જ્ઞાન ન થાયરે, ગુરૂવિણુ શ્રમ સૌ મિથ્યા જાય. ગુરૂ૦ ટેક.
મુમુક્ષુ જીવને સેજં સ્વભાવેરે, તેને તો શુદ્ધ ગુરૂ મળી આવેરે;
જ્ઞાન મારગ ઝટ બતાવે, ગુરૂગમ૦ ૧
જેમ કંઇ હીરાને પેલ કરેછેરે, તેથી કિમ્મત તેની ફરેછેરે;
ખરા પારખું પ્રેમથી આદરે છે, ગુરૂગમ૦ ૨
ગુરૂનો મહિમા અપરમપારરે, શુદ્ધ મારગ બતાવે છે સારરે;
જે થકી પામે છે પદાર્થ ચાર, ગુરૂગમ૦ ૩
તેવા ગુરૂને પાયેરે લાગુંરે, કરજોડી હું તો એટલું માગુરે;
છગન દુર્ગુણ સઘળા ત્યાગુ. ગુરૂગમ૦ ૪

ભાગ બીજાનો સારાંશ.

પદ ૧. રાગ ગરબી.

સ્વસ્તિશ્રી સ્નેહપુર સ્થાન, શોભે સારૂંરે—એ રાગ.

હું તો લિલારે નૌતમ આજ, હેતથી ગાઊંરે;
બીજા ભાગનો ઉપોદ્‌ઘાત, ચિત્તમાં ચાઊંરે. ૧
ટુંક વર્ણન કરીને આજ, હેતે ગવાશેરે;
શ્રોતા કેરાં સુધરસે કાજ, જ્ઞાન તો થાશેરે. ૨
પ્રેમી ગોપીજન છે અપાર, પ્રેમમાં પૂરીરે;
અતિ મસ્ત બની વ્રજનાર, સેવામાં સૂરીરે. ૩
ઉન્મત બની છે બહુ બાળ, ભાન તો ભૂલીરે;
મુખે રટણુ કરે નંદલાલ, વિરહ વ્યાકૂળીરે. ૪
જમુનાંજી ઝીલવા જાય, વ્રજની નારીરે;
સોળ સહસ્રમાં સોહાય, રાધિકા પ્યારીરે. ૫
એક એકને છાંટેછે નીર, પરસ્પર બાળારે;

ત્યાં ઓચિંતા હળધરવીર, નંદના લાલારે. ૬
જઈ ચડ્યા કદમને ડાળ, બંસી બજાવેરે;
ત્યાં ચકિત બની વ્રજબાળ, મુખ મલકાવેરે. ૭
એક એકની શંકારે ઊર, મનમાં લાવેરે;
છગન પ્યારિનો પ્રેમ તે પૂર, નેત્ર નચાવેરે. ૮

પદ ૨. રાગ ગરબી.

ચાંદલિયો ઊગ્યોરે સખી મારા ચોકમાં—એ રાગ.

શ્રીરાધાજીને કૃષ્ણ મળ્યા છે વાટમાં, પ્રેમમગ્ન મદમાતા રાધે પ્યારીજો;
જળ ભરવાને જમુનાંજીમાં સંચર્યાં, એકલડાં શ્રી વ્રખુભાન કિશોરીજો. શ્રી૦ ૧
અભિલાષા છે એવી જેના ઉર વિશે, જો કંઈ મુને મળે ચિતનો ચોરજો;
તો સંતાપ નસાવું મારા ઉરતણો, જીવનદોરી જીવણ નંદકિશોરજો. શ્રી૦ ૨
નટવર ભેખ ધરીને હરિ આવિયા, રસ્તા વચ્ચે મળિયા સુંદરસ્યામજો;
એકએકના મનડાની વાતો કરી, આવતાં દીઠી સખિયો તેણે ઠામજો. શ્રી૦ ૩
સોચ મન થયો રાધાને તે સમે, સંકેતે સમજાવી ગયા પ્રાણનાથજો;
એ લીલા તો ઊત્તમ પ્રકારે આવશે, વિસ્તારી કહે છગન જોડી હાથજો. શ્રી૦ ૪

પદ ૩. રાગ ગરબી.

રશિયાજીના મહિનાનો રાગ.

આ સંકેત મળવા કેરી લીલા સારરે, સાહેલી;
આ રાધાકૃષ્ણનો પરસ્પરનો પ્યાર; મારી સાહેલી૦ ૧
બેઉને નેત્રે નિદ્રા ન આવી રાતરે, સાહેલી;
આ અજંપાથી ઊઠયાં બેઉ પ્રભાત; મારી સાહેલી૦ ૨
આ પરમ ચતુર છે રાધાકુંવરી શાણીરે, સાહેલી;
આ વસ્ત્રે હાર પોતાનો બાંધ્યો તાણી; મારી સાહેલી૦ ૩
આ માતા ક્રોધ કરીને કહેવા લાગીરે, સાહેલી;
આ મોટે પ્રભાતે તું આજ કેમ જાગી; મારી સાહેલી૦ ૪
આ કોટમાં હાર હતો મોતિનો તારોરે, સાહેલી;
આ સાચું કહે પ્યારી ક્યાંરે વિસાર્યો; મારી સાહેલી૦ ૫

આ અમૂલ્ય હાર મોતિનો જો લાવેરે, સાહેલી,
આ ત્યારે તારૂં ડાં'પણુ અતિશે કહાવે; મારી સાહેલી૦ ૬
આ રજા લેઇને રાધા ખોળવા જાયરે, સાહેલી;
આ પોતે પ્યારી મનમાં ઘણું હરખાય; મારી સાહેલી૦ ૭
આ એ રીતે તો મેળાપ તેનો થાશે રે, સાહેલી;
આ દાસ છગન તો ગુણુ હરિના ગાશે. મારી સાહેલી૦ ૮

પદ ૪. રાગ ગરબી—સોહણીની.

રાતલડી કોની સંગેરે જાગ્યા—એ રાગ.

પ્યારીતણે મોલે ગયારે મોરારી, જોઇને સંકોચ પામ્યાંછે પ્યારી. પ્યા૦ ટેક.
અન્યોઅન્ય ચાહના ઊરમાં ભારી, મળવાને આતુરતા ઊર ત્યારી;
સખિયોનો સંકોચ મનમાં ધારી, પ્યારીતણે૦ ૧
સખી સંગે વાતો કરેછે કિશોરી, શ્યામને તો ભાવ બતાવેછે ગોરી;
મોટી છે માત પિતાની તો ચોરી, પ્યારીતણે૦ ૨
મોહનજીએ કીધી મનમાં મ્હેર, પ્યારીને મળવાની જાણી છે પેર;
ઘટમાં રે સમજી ગયા છે તેતો ઘેર, પ્યારીતણે૦ ૩
અલૌકિક લિલારે આવશે એહ, સાંભળતાં શ્રોતાને વાધશે સ્નેહ;
કે'શે દાસ છગન વિસ્તારથી તેહ. પ્યારીતણે૦ ૪

પદ ૫. રાગ ગરબી.

વનમાં ભૂલી પડીરે, પેલો કયાં ગયો કાનુડો—એ રાગ.

ગર્વમાં ઘેલી બનીરે, રાધા રોષ રૂદેમાં કીધો;
ઊરમાં ઊરમી થઇરે, મેંતો વાલો વશ કરી લીધો—ટેક૦
મોહનજી મંદીરમાં આવ્યા, સતકાર કંઇ નવ કીધો;
છણુકો કરીને અવળું જોઇ, જવાબ અવળો દીધો. ગર્વમાં૦ ૧
સુણી વાત સામળિયે વાલે, સંતાપ મનમાં કરતા;
ઘડી બે ઘડી વાટ જોઇને, ચાલ્યા શોકને ધરતા. ગર્વમાં૦ ૨
રાધા મન વિચાર કરે જે, કયાં ગયારે મુજ વહાલા;
આંખ ફેરવીને જોયું જ્યારે, નવ દીઠા નંદલાલા. ગર્વમાં૦ ૩

વિરહતાપથી થયાં વિસ્મે, આંસુડાં આંખમાં આવ્યાં;
છગન સખી દૂતિ થઇને, બંને જણુ સમજાવ્યાં. ગર્વમાં. ૪

પદ ૬. રાગ ગરબી.

રોષ તજો વ્રજરાય, રંસીયા રોષ તજોરે—એ રાગ.

પરસ્પરનો પ્રેમ અપાર, શ્યામ અને રાધે પ્યારી;
ઘણાં મોહિત થયાં તે વાર, શ્યામા[1] અને કુંજબિહારી. ટેક.
હરિ હરખ્યા જોઇ પ્યારિને, પરવશ થયું શરીર;
મોરલી પિતાંબર વારતા, નહિ તનમાં તલભર ધીર. શ્યામ૦ ૧
કોઇવાર તન વારતા, વારે છે મોતીની માળ;
રૂપ અધિક છે રાધાતણું, જોઇ મોહિત થયા નંદલાલ. શ્યામ૦ ૨
હરિનાં વસ્ત્ર આભરણુ સૌ, લીધાં લાડલી તે વાર;
પોતાનાં પહેરાવ્યાં શ્યામને, તેથી શોભા બનીરે અપાર. શ્યામ૦ ૩
કહાન બન્યાં છે રાધિકા, રાધા બન્યા નંદલાલ;
દાસ છગન વરણી કહે, જુગલ રૂપના ઉત્તમ ખ્યાલ. શ્યામ૦ ૪

પદ ૭. રાગ ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળી કાળકારે લોલ—એ રાગ.

શણુગાર ભુષણુ લિલા સારકે, સુંદીર તે આવશેરે લોલ;
શ્રોતાજનને ઉપજે પ્યારકે, [2]શ્રવણુને ભાવશેરે લોલ. ૧
પ્યારિએ સજ્યા સોળ શણુગારકે, કસર રાખી નહિરે લોલ;
ઓચિંતા અલબેલોજી આવ્યાકે, ગુપ્તથી જૂએ તહિરે લોલ. ૨
દરપણુ લીધું ડાબે હાથકે, શણુગાર સુધારતાંરે લોલ;
જમણે કર ઝાલ્યો રૂમાલકે, કાજળ સંવારતાંરે લોલ. ૩
અદ્ભુત છબી દીઠી અપારકે, જોઇને વિસ્મે થયાંરે લોલ;
મનડુ ભ્રમિત થયું તે વારકે, ભાન તો ભૂલિ ગયાંરે લોલ. ૪
પ્રતિબિંબમાં પેખી છે નારકે, ધિરજ રહી નહિરે લોલ;
નથી કોઇ જગમાં એનો જોટોકે, કયાં થકી આવી અહિંરે લોલ. ૫

---

૧ રાધિકાજી. ૨ કાન.

જો કદી આવે સુંદીરસ્યામકે, નજરેથી નિરખશેરે લોલ;
અલૌકિક રૂપ જોઇને એનુંકે, મોહન મોહિત થશેરે લોલ. ૬
પછી માન મારૂં ન રહેશેકે, એને પટરાણી કરેરે લોલ;
એવો ભ્રમ પગટયો મનમાંહકે, અંદેશો ઊર ધરેરે લોલ. ૭
તેને તો કાઢવા કેરો બોધકે, પ્રપંચથી પોતે કહેરે લોલ;
વિસ્તારથી એ લિલા ગવાશેકે, ચિત્તમાં છગન ચહેરે લોલ. ૮

પદ ૮. રાગ ગરબી.

મારગ મુકોને કહુંછું કા'ના કયારની જો-એ રાગ.

નેત્રની અનુરાગ લિલા આવશેજો, વૈષ્ણુવજનને પ્રિય ઘણી લાગશેજો. નેત્ર૦ ૧
ગોપીજન ગોપાળની પ્રિતિઘણીજો, અન્યોઅન્ય [1]અનુરાગતા તે તણીજો. ને૦ ૨
કુળમર્યાદ વિસારી દીધી તહિંજો, જોયાવિના તેને જંપ વળે નહિજો. ને૦ ૩
એકવાર હરિ પ્યારીમ્હોલે ગયાજો, દેખી સખીયોની ભીડ ઊભા રહ્યાજો. ને૦ ૪
અચાનક ત્યાં ઊભેલા દીઠા હરિજો, તનની શુદ્ધબુદ્ધ સર્વે વિસરીજો. ને૦ ૫
અતિ અદ્‌ભુત છબી જોઇ સ્યામનીજો, કામાતુર થઇછે અતિ કામનીજો. ને૦ ૬
નેત્રસંજ્ઞાતો કીધી [2]કટાક્ષે કરીજો, કદમછાયામાં જઇ બેઠા હરિજો. ને૦ ૭
જોયાવિના તે જંપ વળતો નથીજો, છગન કે'શે વિસ્તારથી તે કથીજો. ને૦ ૮

પદ ૯. રાગ ગરબી.

સુતાં ઊઠી શુભ રીતથી, સાહેલીરે-એ રાગ.

મોરલી લિલા આવશે, સુખકારીરે,
તે તો વૈષ્ણુવજનને ભાવશે, અતિ પ્યારીરે. ૧
કરતીવા તો પ્રિતમની ઘણી, સુખ૦ પ્રભુપ્રેમમાં હતી ગોવાળણી૦ અતિ૦ ૨
તેવે મોરલી શબ્દ કાને પડયો, સુખ૦ તેથી બાળાને બહુ ક્રોધ ચડયો. અતિ૦ ૩
મધુરવાણી સુણી તે તેણી, સુખ૦ મનમાં શોકડલી સરખી ગણી. અતિ૦ ૪
અહોનિશ સ્યામ સંગે રહે, સુખ૦ ઘણી નઠોરછે મુખથી કહે. અતિ૦ ૫
મુખ વળગીને વાતો કરે, સુખ૦ એ [3]અધરામૃત મુખમાં ધરે. અતિ૦ ૬
એને સ્વામિનું શિર જોર છે, સુખ૦ તેથી ગર્જનાનો ખૂબ ઘોર છે. અતિ૦ ૭
વ્યંક વચન વનિતા કહે, સુખ. વિસ્તારવા છગન ચિત્ત ચહે. અતિ૦ ૮

---

૧ રાજીપો થવો. ૨ વ્યંક નેત્રોથી જોવું. ૩ ઓઠનુ ઝરતું અમૃત.

પદ ૧૦. રાગ બનઝારો.

રાસલિલા તો આવશે સારી, મન મગ્ન થઇ વ્રજનારી. ટેક.
શરદ પુનમ રાત સોહાવે, તે તો મોહનને મન ભાવે રે;
પ્રભુએ મોરલી કરમાં ધારી, મન મગ્ન૦ ૧
સુણ્યો શબ્દ મોરલીનો કાન, વ્રજની બાળા બની બેભાનરે;
અવળાં આભ્રણુ પે'રી સિધારી, મન મગ્ન૦ ૨
ગઇ જ્યાં હતા ઘનશ્યામ, કરજોડીને ઊભી છે વામ[1] રે;
ત્યાંતો બોલી ઉઠ્યા ગિરધારી, મન મગ્ન૦ ૩
તમો આવ્યાંછો મારીરે પાસ; નવ માન્યો પતિતણો ત્રાસ રે;
લાજ મર્યાદા મૂકી વિસારી, મન મગ્ન૦ ૪
કહેછે ગોપી જોડીને હાથ, તમો ત્રિલોકતણાછો નાથ[2] રે;
તેથી કસુર નથી અમારી, મન મગ્ન૦ ૫
ત્યારે પ્રભુએ બોલાવ્યાં પાસ, હેતે હરીએ રમાડયાં રાસ રે;
સૌને આનંદ આપ્યો છે ભારી, મન મગ્ન૦ ૬
અકેક ગોપી વચ્ચે કહાન, રહ્યા થઇને જૂદે વાન[3] રે;
સૌ દેખેછે એક બન વારી, મન મગ્ન૦ ૭
એ કથા તો વિસ્તારથી થાશે, ભાવ કરીને ગુણ ગવાશે રે;
કહે છગન લેજો ચિત્ત ધારી, મન મગ્ન૦ ૮

પદ ૧૧. રાગ ગરબી.

સ્મરણ કરીએ સીતારામનું રે-એ રાગ.

[4]અંતરધ્યાન લિલા તો આવશે રે; પ્રેમનું સુવર્ણ તપાવા કાજ જો;
ગોપિયો સર્વે મન ગર્વિત થઈ રે, અમવશ થયા છે વ્રજરાજજો. અં૦ ૧
પ્યારી રાધાજીને લેઇ સાથમાં રે, અંતરધ્યાન થયા છે તે વાર જો;
મનમાં ગર્વ થયો છે પ્યારીને રે, વનમા મુકિયાં છે નિરધાર જો. અં૦ ૨
ગોપિયો મળી ખોળવા નીકળીરે, આવીછે રાધાજીની પાસજો;
રૂદન કરેછે રાણી રાધિકારે, અધિક દીસેછે તે તો ઊદાસજો૦ અંતર. ૩

૧ સ્ત્રી. ૨ ધણી. ૩ સ્વરૂપ. ૪ ગુપ્ત રહેવું.

એ આદિકની કથા વિસ્તારથીરે, આવશે રસિક તે ભરપૂરજો;
પ્રેમ હેમમાં ગર્વ વગળ બળ્યુંરે, છગનને વિહ્વાગ્નિથી કરે દૂરજો૦ અંતર. ૪

પદ ૧૨. રાગ ગરબી.

ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.

મહા મંગળ તો રાસુલિલા આવશે, ભક્તજનને સુખતણો ભંડારજો;
વ્રજનારીનું ગમતું કીધું માવજી, સૌ સખીને આપ્યું સુખડું અપારજો. મહા. ૧
મોહનજીએ મોરલી લીધી હાથમાં, અતિ રસિક ધુન થઇ તેવારજો;
ત્રિલોક તો મોહ્યુંરે તેના તાનમાં, [1]સૂર [2]શશિ પવન પાણી નરનારજો. મહા. ૨
ત્યારે તો સૌ ગોપિયે મનમાં જાણિયું, સર્વ સાથે રાસ રમે નંદલાલજો;
વિયોગની વેદનારે સર્વે વિસરી, અતિ મગ્ન બની છે ગોપની બાળજો. મહા. ૩
એ લિલા વિસ્તાર થકી તો આવશે, ગુણિજન ગાશે હર્ખે વારંવારજો;
દાસ છગનને એક આશ ઘનસ્યામની, ઊરની ઊર્મિ પામશે તેથી પારજો. મહા. ૪

પદ ૧૩. રાગ ગરબી—સોહિણીની.

રાતલડી કોની સંગેરે જાગ્યા-એ રાગ.

માન્યતણી લિલા અતિ સુખકારી, પ્રેમિરે જનને લાગે પ્રાણથી પ્યારી. મા. ટેક
પ્રભુજી છે નિર્ગુણ અને નિર્વિકારી, સંતહિત નીત નવલિલા ધારી;
મનોર્થ સર્વ પૂર્ણ કરેછે મોરારી; માન્યતણી૦ ૧
શરદની રાત્રિયે રાસ હરિ કીધો, માનનીને માન્ય માટે દગો દીધો;
વાલાજીયે વિચાર મનમાંરે કીધો; માન્યતણી૦ ૨
હવે ફરી માન્યલિલા મચાવું, મનાવું માનની પ્રપંચ રચાવું;
જીવનો સુખદાતા એવું જચાવું.[3] માન્યતણી૦ ૩
લિલા એવી હરિયે હેતથી કીધી, સ્યામાને વિનયથી સમજાવી દીધી;
છગને વિસ્તાર કરવા વાત લીધી. માન્યતણી૦ ૪

૧ સૂર્ય. ૨ ચંદ્ર. ૩, ખાત્રી કરી આપુ.

પદ ૧૪. રાગ ગરબી.

રશિયાજીના મહીનાનો રાગ.

મધ્યમ માન્યલિલા રશિક તો આવેરે, સાહેલી;
સુણતાં અનંત સુખ સૌને ઉપજાવે. મારી સાહેલી. ૧
આ રાધાજીને વચન વાલાયે દીધુંરે, સા૦ આ અન્યઘેર પધારીને કૌતક કીધું. મારી૦૨
ઊઠી પ્રભાતે અટપટુ રૂપ ધારેરે; સા૦ આ ઊભા જઇને પ્રાણપ્યારિને દ્વારે. મા૦૩
ચિન્હ શરીરનાં દેખ્યાં સઘળાં રાધારે, સા૦ આ લીધી શ્યામ સાથે બોલવાનીબાધા. મા૦૪
આ સખીયોને સમજાવે પોતે પ્યારીરે,સા૦ આ ચૂક હોયતો કેજોમુજને મારી. મા૦૫
ગુણ હરિના મનમાં સમજી લેજોરે; સા૦ વાંક હોય તો મુખપર મુજને કેજો. મા૦૬
કામ નથી કંઈ હરિનું મારે આજરે, સા૦ હર્વેથી જે કરે સોકડલીનું કાજ. મા૦૭
રોષસહિત એમ વાત કરેછે પ્યારિરે, સા૦ એલિલા સખી છગન કહે વિસ્તારી. મા૦૮

પદ ૧૫. રાગ ગરબી.

ઓધારે અમે જાણ્યું નો'તું આવું—એ રાગ.

સખીરે હુંતો વાત કહું મારી, મોહનના મુખપર જાઊં વારી. સખીરે૦ ટેક૦
ગુરૂ માન્યલિલા અતિ સારી, પ્રેમિજનને લાગે છે પ્યારી;
સંક્ષેપથી સુણજો નર નારી, સખીરે૦ ૧
એક રોજ પ્રભાતમાંરે પ્યારી, ના'વા જાય જૂમના લઇ ઝારી;
અચાનક ઊભા છે એક દ્વારી. સખીરે૦ ૨
તે ઘરમાંથી નીકળ્યા ગિરધારી, રાધા જોઇ વિસ્મે થયાં ભારી;
પાછાંરે વળ્યાં મનડાને મારી, સખીરે૦ ૩
શ્યામ સંકોચ મનમાં ધારી, અંદેશાથી ઊભા છે વિચારી;
મુજને આજ દીઠો પ્રાણપ્યારી, સખીરે૦ ૪
ઉદાશ થઇ ઊભા એક ઠારી, સખીરે એક ત્યાં આવી સારી;
તેનીરે પાસે કીધો છે લાચારી, સખીરે૦ ૫
દૂતિકા ગઇ જ્યાં રાધેપ્યારી, વ્યથા કહી વાલાની વિસ્તારી;
ચાતુરી તો ચલાવી છે ન્યારી, સખીરે૦ ૬
રાધા કહે સુણ સખી મારી, જોયા ગુણ નજરેથી ધારી;
શ્યામને ન મળું સોગંદ તારી, સખીરે૦ ૭

કાળી વસ્તુ સૌ કામણુગારી, હરિતણા ગુણથી હું હારી;
છગન કહેશે તે તો વિસ્તારી. સખીરે૦ ૮

પદ ૧૬. રાગ ગરબી.

તેંતો ઘટમાં ઘર કીધું, વાલમ વરણાગિયારે—એ રાગ.

વૃષાઋતુમાં વહાલાએ અદ્ભુત લિલા કરીરે;
અતિશય ઊલટ ભરીરે, વૃષાઋતુમાં૦ ટેક.
સંતોને સુખ આપવા માટે, ગોદ્વિજને ગુણ કરવા સાટે;
ધરવા પડે અવતાર જુગોજુગ હરિરે, વૃષાઋતુમાં૦ ૧
વૃંદાવનતણી શોભા સારી, વનસ્પતિ રહી [1]વપુ [2]વિસ્તારી;
રંગીન ફળ ફૂલ ખગની ખૂબી ખરીરે, વૃષાઋતુમાં૦ ૨
હિંદોળો અતિ હેત કરીને, બંધાવ્યો ત્યાં પ્રેમ ધરીને;
મણિ મુગતાફળ ફૂલથી શોભા આદરીરે, વૃષાઋતુમાં૦ ૩
પ્યારિતણી ઇચ્છા એમ જાણી, પોતે કીધુંછે સારંગપાણી;
દાસ છગનને જાણી દયા દીલમાં ધરીરે. વૃષાઋતુમાં૦ ૪

પદ ૧૭. રાગ ગરબી.

ગોપી અતિરે ઉલટ ભરી આવેરે—એ રાગ.

સોળ સહસ્ત્ર સાહેલીને [3]શ્યામારે, જમુનાં ત્રટ ચાલ્યાં ગજગામારે;
જુગલજોડી હિંદોળે સોહાયરે, જોઇ સખીઓને આનંદ થાયરે. ૧
કોઇ ઝુલા જુગતેથકી દેતીરે, કોઇ મુખ મલકાવીને કે'તીરે;
સખી શામની શોભા બની સારીરે, અર્ધાંગે શોભેછે રાધા પ્યારીરે. ૨
ઘન[4] [5]દામનીની સમ દેખાયરે, જોડી જોઇને હર્ષ બહુ થાયરે;
અલોકિક લિલા આનંદકારીરે, શોભે રાધા ને કુંજબિહારીરે. ૩
વિસ્તાર સહિત વર્ણવી જાશેરે, સુણતાં ગાતાં સુખ બહુ થાશેરે;
પ્રેમિજનને લાગે તે તો પ્યારીરે, દાસ છગનલાલ જાય વારીરે. ૪

---

૧ શરીર. ૨ નવપલ્લવ-પ્રફુલિત. ૩ રાધિકાજી. ૪ મેઘના સરખું શ્યામ સ્વરૂપ ભગવાનનું છે. ૫ વીજળી સરખું રૂપ રાધાનું છે.

પદ ૧૮. રાગ ગરબી.

સુતાં ઊઠી શુભ રીતથી, સાહેલીરે—એ રાગ.

ફાગણુ માસ છે સોહામણો સાહેલીરે, નર નારીને હર્ષ વધે ઘણો; સાહેલીરે.
કામદેવને અતિશે શૂર ચડે, સા૦ જોર જુલમ કરવા તુટી પડે. સા૦ ૧
[1]સુમન બાણુ લેઇ હાથમાં, સા૦ પડે નર નારીકેરા સાથમાં. સા૦
ઘાયલ કરે ગજબી ઘણો, સા૦ જીવ હાથ રહે નહિ તે તણો. સા૦ ૨
બેભાન બની સૌ જાયછે. સા૦ મન વિહ્વળ સૌકોનાં થાયછે. સા૦
ભક્તોને તો સુખ આપવા, સા૦ વ્રજવનિતાનાં કષ્ટ કાપવા. સા૦ ૩
હરિયે ફાગણુલિલા આદરી, સા૦ રંગ ત્રિવિધના ભેગા કરી. સા૦
ઘણા સખા લીધા સાથમાં, સા૦ રંગ પિચકારી છે હાથમાં. સા૦ ૪
બરસાણા આગળ આવિયા, સા૦ અબિલ ગુલાલ તો લાવિયા. સા૦
રાધિકાજીને ખબર થઇ, સા૦ લેઇ સખીયોને સામી ગઈ. સા૦ ૫
અબિલ ગુલાલ ઊડે ઘણું, સા૦ પીચકારી છુટે ક્ષણું ક્ષણું. સા૦
કિચ મચ્યો ત્યાં રંગતણો, સા૦ અન્યોઅન્ય હર્ષ વધ્યો ઘણો. સા૦ ૬
ત્યાં ખેલ અનોપમ થાયછે, સા૦ મુખ આવડે તેવું ગાયછે. સા૦
શ્યામને પકડયા છે સ્નેહથી, સા૦ નેત્રે કાજળ આંજ્યું હેતથી. સા૦ ૭
કીધું રૂપ નારીનું તે સમે, સા૦ સર્વ સખીઓને તે તો ગમે. સા૦
એવી રસીક લિલા આવશે, સા૦ દાસ છગનને મન ભાવશે. સા૦ ૮

પદ ૧૯. રાગ ગરબી.

રઘુપતી રામ હ્રદેમાં રહેજો રે—એ રાગ.

શ્રાપવિમોચન લિલા સારીરે, સુણતાં સેજે તરે નરનારી. શ્રાપ૦ ટેક.
વિદ્યાધર સુદરશન નામ રે, ગોવિંદગુણ ગાવાનું છે કામરે;
ગયો અંગિરા મુનિનેરે ધામ, શ્રાપ૦ ૧
રૂપ દ્રવ્યતણો ગર્વ લાવી રે, નમ્યો નહિ તે મુસ્તક નમાવી રે;
શ્રાપથી અજગર દીધો બનાવી, શ્રાપ૦ ૨
તે તો અજગર થઇને પડિયો રે, નદી તીરે નંદજીને નડિયો રે;
પ્રભુએ ઘાટ તો તેનો ઘડિયો, શ્રાપ૦ ૩
એવી લિલા અતિ ઉત્તમ આવે રે, વિસ્તારથી તે છગન બતાવેરે;
મુમુક્ષ જીવને મનમાં ભાવે. શ્રાપ૦ ૪

---

૧ પુષ્પ

પદ ૨૦. રાગ ગરબી.

મારગ મુકોને કહુંછું કા'ના કયારની જો—એ રાગ.

સંધ્યા સમય શ્યામ હતા રંગમાંજો, લીધા ગોપને દાઉદજી સંગમાંજો. સં૦ ૧
વનવિહાર કરવાનું સૌ નિસર્યાજો, આવી ગોપીયો શણગાર સૌ ધર્યાં જો. સં૦ ૨
મોહન વાંસળી વગાડે તાનમાંજો, સર્વ બેભાન બન્યા તેના ભાનમાંજો. સં૦ ૩
જમુનાંતટમાં જઇને બેઠા હરિજો, પ્રેમ રસમાં છગન શુદ્ધ વિસરીજો. સં૦ ૪

પદ ૨૧. રાગ ગરબી.

રાગ—ઉપર પ્રમાણે.

ચંદ્રવદની ચતુરા ચપળા ખરીજો, મોરલીનાદમાં મનડું ગયું ઠરીજો. ચંદ્ર૦ ૧
અચાનક યક્ષ એક ત્યાં આવિયોજો, શંખચૂડ નામથી સોહાવિયોજો; ચંદ્ર૦ ૨
ગોપિયોને ઘેરી સર્વ લેઈ ગયોજો, પ્રભુને દીઠા નહિ પસ્તાવો થયોજો. ચંદ્ર૦ ૩
અનાથ વિકળ થઇ પોકારતી જો, છગનના સ્વામિનું શરણ ધારતીજો. ચંદ્ર૦ ૪

પદ ૨૨. રાગ બનઝારો.

વિકળતાથી નારી પોકારી, ધાજો ધાજોરે કુંજબિહારી. ટેક૦
સુણી ગોપીની આરત વાણી, દોડયા બેઉ બાઇ બળ આણીરે;
નાઠો યક્ષ તો છોડીને નારી, ધાજો ધાજો.૦ ૧
બળરામ મુક્યા રખવાળ, તેની પુઠળ દોડયા નંદલાલરે;
એક મુષ્ટિ મુસ્તકમાં મારી, ધાજો ધાજો૦ ૨
મણિ મુસ્તકમાંથી તો લીધો, પછી પ્રયાણ પાછોરે કીધોરે;
આવ્યા ગોપીપાસ ગિરધારી, ધાજો ધાજો૦ ૩
એ લિલાતો ઊત્તમ ગવાશે, ગાતાં સુણતાં પાવન થાશેરે;
દાસ છગન કહે વિસ્તારી, ધાજો ધાજો૦ ૪

પદ ૨૩. રાગ ગરબી.

મારગ મુકોને કહુછું કા'ના કયારની જો—એ રાગ.

અરિષ્ટ અસુર વ્રજમાં આવિયોજો, [1]વૃષભરૂપ બનાવીને લાવિયોજો. અ૦ ૧

---

૧ આખલાને રૂપે અસુર.

વિકાળરૂપ જોઇ સૌ વિસ્મે થયાંજો, ગાયોગોપ ત્યાં થકીતો નાશીગયાંજો. અ૦ ૨
કહ્યું શ્યામ વૃષભ એક આવિયોજો, તેણે મારવાનો ધુમ મચાવિયોજો. અ૦ ૩
સુણીને શ્યામતો તેના સામા ગયાજો, અતિ કઠણ બોલતો તેને કહ્યાજો. અ૦ ૪
સુણી અસુરને રીસ અંતર વશીજો, આવ્યો શ્યામને મારવા સામો ધશીજો. અ૦ ૫
પકડી શિંગને પાછો હઠાવિયોજો, એનો ગર્વ સમૂળગો ઘટાવિયોજો. અ૦ ૬
માથે ફેરવી પૃથ્વી પટકયો સહીજો, ગયા પ્રાણ બિલકુલ હાલ્યો નહિજો. અ૦ ૭
ભાગવતનો છે સાર જૂઠું નથી જો, છગન વિસ્તારથી કહેશે કથીજો. અ૦ ૮

પદ ૨૪. રાગ સોહિણીની ગરબી.

રાતલડી કોની સંગેરે જાગ્યા—એ રાગ.

કેશિ એક કંસનો પ્રેર્યોરે આવ્યો, અશ્વતણું રૂપતો બનાવીને લાવ્યો. કેશિ. ટેક.
વિકાળ તો કાયા ધરીછેરે જેણે, વ્રજમાં દોડવા માંડયુંછેરે તેણે;
ઉત્પાત ઘણો કરવા માંડયોછેરે એણે૦ કેશિ૦ ૧
હરિને ખબર થઇછે જે વારે, દોડી તેના સામા ગયાછેરે ત્યારે;
કૃષ્ણ સામું દેખીને કેશિ વિચારે, કેશિ૦ ૨
મોહનના ઉપર તેતોરે આવ્યો, મારવા મનસુબો મનમાં લાવ્યો;
પ્રભુએ પગ પકડીને પાછો હઠાવ્યો, કેશિ૦ ૩
કેશી જીભ પકડી મુસ્તક વારી, પછાડી પૃથ્વીપર નાખિયો મારી;
દાસ છગન લિલા ગાશે વિસ્તારી, કેશિ૦ ૪

પદ ૨૫. રાગ ગરબી.

મારગ મુકોને કહુંછું કા'ના કયારની જો—એ રાગ.

શ્યામરામ મળીને વનમાં ગયાજો, ગોપબાળક સર્વ ત્યાં ભેગા થયાજો શ્યા. ૧
સંતાઇ કુંકરી ખેલ મચાવિયોજો, તેતો સખા સૌકોને મન ભાવિયોજો. શ્યા. ૨
વ્યોમાસુર નામે અસુર આવિયોજો, ગોપબાળકનો વેષ બનાવિયોજો. શ્યા. ૩
તેણે ગોપના બાળ કેટલા હર્યાજો, એક [1]કંદરામાં તેને કેદ કર્યાજો. શ્યા. ૪
થોડા બાળ જોઇ હરિ વિસ્મે થયાજો, કપટ અસુર કેરૂં સમજી ગયાજો. શ્યા. ૫
તેને પકડીને પૃથ્વી પછાડિયોજો, સ્વર્ગ ભુવન મધ્યે તે પો'ચાડિયોજો. શ્યા. ૬
બાળ શોધવા જાતાં નારદ મળ્યાજો, કર્યા વખાણ હરિના મનોર્થ ફળ્યાજો. શ્યા. ૭
એ આદિ વિસ્તારથી વર્ણન થશેજો, છગન સુણતાં ફંદ સૌ છુટશેજો. શ્યા. ૮

---

૧ ગુફા.

પદ ૨૬. રાગ ગરબી.

ઓધા અમે જાણ્યું નો'તું આવું—એ રાગ.

અક્રુરજી રથ બેશી આવ્યા, અંદેશો તે ઉર ઘણો લાવ્યા. અક્રુર૦ ટેક૦
પ્રભુના પરમ ભક્ત કહાવે, ભક્તિ તો હરિની મન ભાવે;
તેડવા જાવું તેને નવ ફાવે, અક્રુરજી૦ ૧
હરિનું ધ્યાન રૂદે ધરતા, વિચારો વિવિધના કરતા;
શુદ્ધ બુદ્ધ સઘળી વિસરતા, અક્રુરજી૦ ૨
જેવી રીતે ચિંત્વનતો કીધું, તેવી રીતે દર્શન તો દીધું;
પ્રભુને જોઇ કારજડું સીધું, અક્રુરજી૦ ૩
શ્યામરામને ઘરમાં લાવ્યા, તે સમે નંદજી ઘેર આવ્યા;
પગ ધોઇ પલંગ પધરાવ્યા, અક્રુરજી૦ ૪
સમાચાર સર્વ સુણી લીધો, બોધ બહુ નંદજીને દીધો;
મથુરાં જાવા મનસુબો કીધો, અક્રુરજી૦ ૫
રસ્તેરે જાતાં પસ્તાવો થાય, જુમનાંજીમાં નાવાને જાય;
દર્શન ત્યાં તો પ્રભુનાં દેખાય, અક્રુરજી૦ ૫
મટી ગયો મનતણો ખટકો, જોઇ લીધો જીવણનો લટકો;
ચિતમાં લાગ્યો જ્ઞાનતણો ચટકો, અક્રુરજી૦ ૭
મથુરામાં જઇ પોચ્યા જયારે, અક્રુરજી એકલા ગયા ત્યારે;
લિલારે ગાશે છગન વિસ્તારે, અક્રુરજી૦ ૮

પદ ૨૭. રાગ ધોળ.

તાંબાકુંડીયો નગર સોહામણી—એ રાગ.

શ્યામરામ મધુપૂર[1] આવિયા, હરિજનનારે, હિતકારી અપાર. શ્યામ;
ઇંદુવર્ણું[2] રથપર બિરાજીયા, કાને કુંડળરે, [3]મકરાકૃત સાર. શ્યામ૦ ૧
નિલ પિત રંગ વસ્ત્ર અંગે ધર્યાં, મોતીમાળરે, વનમાળ સોહાય. શ્યામ;
નગર લોક આવ્યારે સૌ નિરખવા, જુગલ જોડિરે, જોઇને વિસ્મે થાય. શ્યામ૦ ૨
નારી ફરી ફરી લેછે ઓવારણા, દર્શન દેખીરે, થાય પરમ હુલ્લાસ. શ્યામ;
રથથી ઊતરી પડ્યા એક બાગમાં, ગોપ બાળકરે, પોતે બોલાવ્યા પાસ. શ્યામ૦ ૩

---

૧. મથુરાં. ૨ ચંદ્ર સરખું શીતળતાને આપે એવું સ્વરૂપ. ૩ મગરની આકૃતિ.

સખા સંગમાં લેઇ શ્યામ ચાલિયા, વહાલો આવ્યોરે, જમુનાંજીનીતીર. શ્યામ;
સુંદર લિલા વિસ્તારથી આવશે, કહેશે છગનરે, સુણજો ધરીધીર. શ્યામ.૦ ૪

પદ ૨૮. રાગ ગરબી.

તેંતો ઘટમાં ઘર કીધું વાલમ વરણાગિયારે—એ રાગ.

કંસરાજા કેરો ધોબી, ધોવા આવિયોરે;
વસ્ત્ર અમૂલખ લાવિયોરે, કંસરાજા કેરો૦ ટેક.
અન્ય ધોબીથી વાતો કરતો, ધોઇ સુકવી વસ્ત્રો ધરતો;
કરતો નિંદા તો હરિની, શોર મચાવિયોરે; કંસરાજા કેરો૦ ૧
કૃષ્ણતણી છે ખોટી કરણી, મુખથી વાતો કેતો વરણી;
[1]ભોજપતિયે તો તેને આજ બોલાવિયોરે. કંસરાજા કેરો૦ ૨
શ્યામે વાત સુણી છે જ્યારે, પાસે ગયા [2]પરિયટની ત્યારે;
હાસ્ય કરીને હરિયે તો સમઝાવિયોરે. કંસરાજા કેરો૦ ૩
વસ્ત્ર અનોપમ દીસે સારાં, આપો પહેરવા લાગે પ્યારાં;
નૃપતિયે મળવાને મુને તેડાવિયોરે. કંસરાજા કેરો૦ ૪
સુણીને રીસ અતિશે કીધી, ગાળો તેણે ગોવિંદને દીધી;
ડારો દેઇ અને ડર ઘણો બતાવિયોરે. કંસરાજા કેરો૦ ૫
વસ્ત્રો પહેરવા વે'લો આવ્યો, સંગે બાળકડાં બહુ લાવ્યો;
વ્રજમાં તોફાન કરી તુંતો બહુ ફાવિયોરે. કંસરાજા કેરો૦ ૬
એવી [3]રજકની સુણી વાણી, હાસ્ય કરીને પકડયો [4]પાણી;
પેચ કરીને પૃથ્વીપર પટકાવિયોરે. કંસરાજા કેરો૦ ૭
વસ્ત્ર લુંટાવ્યાં ધોબી મારી, તે કથા કહીશું વિસ્તારી;
છગન કહે મથુરામાં હાથ બતાવિયોરે. કંસરાજા કેરો૦ ૮

પદ ૨૯. રાગ દેશની ઠુમરી.

જાઓ જાઓ છબિલા છેલરે, મોરે રશિયા ડગરના રોકો. જા૦—એ રાગ.

મથુરામાં મોહનલાલરે, આવી અલૌકિક લિલા કરતા. મથુરામાં૦
સંગે લેઇ ગોપના બાળરે, પ્રભુ ચારૂ[5] ચોકમાં ફરતા. મથુરામાં૦ ટેક.

---

૧ કંસરાજા. ૨–૩ ધોબી. ૪ હાથ. ૫ સુંદર.

રજકને મારી વસ્ત્રો લીધાં, (૨) ચાલેછે હંસની ચાલ રે; આવી૦મથુરામાં. ૧
રસ્તે જાતાં મળ્યો છે દરજી, (૨) તેણે વિનતી કરી તે કાળ રે. આવી૦મથુરામાં. ૨
વધઘટ વસ્ત્રો બરોબર કીધાં, (૨) ભક્તિ આપી આણી વા'લરે. આવી૦મથુરા. ૩
ત્યાંથકી આગળ માળી આવ્યો, (૨) તેને મળ્યા બેઉ [1]મરાળરે. આવી૦મથુરા. ૪
વિવિધ જાતના રંગબેરંગી, (૨) પ્રભુને પુષ્પની અર્પે માળરે. આવી૦મથુરા. ૫
હરિ હળધર ગોપની સાથે, (૨) પોતે ચાલેછે કરતા ખ્યાલરે. આવી૦મથુરા. ૬
કુબજા ચંદન લેને આવી, (૨) તેણે દીઠા દીનદયાળરે. આવી૦મથુરામાં. ૭
પ્રભુને પ્રીતે ચંદન ચર્ચ્યું, (૨) છગન કહે કીધા ન્યાલરે. આવી૦મથુરામાં. ૮

પદ ૩૦. રાગ ગરબી.

ઓ રાણાજી રામજી સંગાથે રાડ નવ કીજે–એ રાગ.

મારો વાલોજીરે, (૨) વાતો કરેછે ગોપસખાની સાથે;
હરિ હળધરજીરે, હસી હસીને તાળી આપેછે હાથે. ટેક૦
અતિ આનંદમાંરે ચાલ્યા જાય, તેતો જાણ રાજા કંસને થાય;
સુણી વાતને કંપી ઊઠી કાયરે, મારો વાલોજીરે. (૨) ૧
તેણે અસુરોને તો આજ્ઞા કરી, બેસો ધનુષ્ય પાસે શસ્ત્રો[2] ધરી;
જૂઓ ન જીવતા જાય પાછા ફરીરે, મારો વાલોજીરે. (૨) ૨
મહાવતને બોધ ઘણો દીધો, તેણે [3]કુવલિયો તૈયાર કીધો;
લડવા સારૂ પોળ મુખે લીધોરે, મારો વાલોજીરે. (૨) ૩
ચાણુર મુષ્ટિ કમલને હંકારી, રંગભૂમિ તો રૂડી શણગારી;
ધનુભંગ છગન ગાશે વિસ્તારીરે. મારો વાલોજીરે૦ (૨). ૪

પદ ૩૧. રાગ રામગ્રી.

વેદરભી વનમાંરે વલવલે–એ રાગ.

બંને બંધવ ત્યાંતો આવિયા, ધનુષશાળાની માંય;
ચારે તરફ ત્યાં નિહાળતા, ભીડ અસુરની ત્યાંય. બંને૦ ૧
તે જોતાં અસુર ઊભા થયા, આવ્યા પ્રભુનીરે પાસ;
ધનુષ તોડવા આજ્ઞા કરી, ઊર લડવાની આશ. બંને૦ ૨
હાસ્ય કરીને હરજી કહે, અમે તો નાનેરા બાળ;

---

૧ હંસ. ૨ હથિયાર. ૩ હાથી.

કામ કો'છો તમે કારમું, વજ્ર ધનુષ વિકાળ. બંને૦ ૩
નિશાચર કહે નિશંકથી, કરો કો ડંડનું[1] કામ;
જો કદી [2]ચાપ તુટશે નહિ, તમને મારૂં આ ઠામ. બંને૦ ૪
સહેજ સ્વભાવમાં શામળે, ધનુષ લીધું છે હાથ;
તોડીને તેના કટકા કર્યા, કંપ્યો અસુરનો સાથ. બંને૦ ૫
રમત ગમતમાં મારતા, કરતા [3]દનુજનો ઘાત;
કેટલાક ત્યાંથી નાશી ગયા, પડ્યો છે ઉલ્કારેપાત. બંને૦ ૬
નગરના લોક સર્વે નિરખતા, જોઇને રાજીરે થાય;
જય જયકાર વાણી વદે, લાગે પ્રભુજીને પાય. બંને૦ ૭
એ કથા વિસ્તારથી આવશે, મોક્ષકારી છે સાર;
છગન કહેછે કરગરી, મદદ કરશે મોરાર. બંને૦ ૮

પદ ૩૨. રાગ ગરબી.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે-એ રાગ.

શ્યામ રામ ત્યાં થકી પોળે આવ્યારે, સંગમાં ગોપસખાને તો લાવ્યા. શ્યા.ટેક
કુવલિયા હાથીને દીઠો જ્યારેરે, હસીને હરજી બોલ્યા છે ત્યારેરે;
જાવું છે રાજાની પાસે અમારે. શ્યામ રામ૦ ૧
માટે મહાવત હસ્તિને લીજેરે, અમને જુગતેથી જાવા દીજેરે;
એટલું કામ અમારૂં તો કીજે, શ્યામ રામ૦ ૨
માવત રીસથી ઉત્તર દેતોરે, કડવાં વચનો મુખથી કે'તોરે;
નથી ગજને તે અળગો લેતો, શ્યામ રામ૦ ૩
રીસ કરીને વકાર્યો [4]કરિનેરે, ઊભા બળરામ સામા ઠરીનેરે;
માર્વા મૂઢ આવ્યો છે તું હરિને, શ્યામ રામ૦ ૪
તેની સંગ પછી કુસ્તીતો કીધીરે, શ્યામે બળરામને સાની દીધીરે;
સૂંઢ પુંછ પકડીનેરે લીધી, શ્યામ રામ૦ ૫
ખેંચાતાણુ કરીછે બહુ વારરે, પાડ્યો કુંજરને પૃથ્વી મોઝારરે;
માવત સુધાં માર્યો તે વાર, શ્યામ રામ૦ ૬

૧-૨ ધનુષ. ૩ અસુર. ૪ હાથીને.

દંતુસર બેઊ ખેંચી લેઇનેરે, ઊભા છે રંગભૂમિમાં[1] જઇનેરે;
બહુ રૂપે બળવંતા થઇને, સ્યામ રામ૦ ૭
એ આદિક કથા આગળ આવેરે, શ્રોતાજનને સુખ ઊપજાવેરે;
દાસ છગન વિસ્તારી બતાવે, સ્યામ રામ૦ ૮

પદ ૩૩. રાગ ગરબી.

એ રાણાજી રામજી સંગાથે રાડ ન કીજે—એ રાગ.

હરિ હળધરજી, રંગભૂમિમાં હસતા થઇને રાજી;
મલ્લ સઘળા મળી, ઓચિંતા ઊઠયા છે સરવે ગાજી. ટેક૦
જેના મનમાં જેવો ભાવ ધરે, તેવાં દર્શન દામોદરનાં કરે;
મનવાંછિત તેનાં કાર્ય સરેરે, હરિ હળધરજી૦ ૧
હરિ ચાણુરની સાથે અડિયા, બળ મુષ્ટિકથી બાથે પડિયા;
ક્ષણમાત્રમાં ઘાટ તેના ઘડિયારે, હરિ હળધરજી૦ ૨
બીજા મલ્લ હતા બળમાં પૂરા, મલ્લયુદ્ધ કરવામાં અતિ સૂરા;
બેઊએ મળી કર્યા તેના ચૂરારે, હરિ હળધરજી૦ ૩
એ કથા હવે વિસ્તારથી થાશે, ભાવ કરીને નરનારી ગાશે;
છગન સુણતાં વૈકુંઠમાં જાશેરે, હરિ હળધરજી૦ ૪

પદ ૩૪. રાગ ક્ષત્રીકલંકનો.

બળ મોહન બંને વીર, બળમાં તો દીસે ભારીરે;
રમત ગમતમાં ધરી ધીર, અસુરોને નાખ્યા મારીરે. ટેક૦
કરવા મામાજી કેરૂં રાજ, બળ૦ જાણે ઝપટયા છે એક બાજ. અ૦ ૧
ચડયા [2]મછાનપર તેવાર, બળ૦ પાડયો મુગટ પૃથ્વી મોજાર; અ૦
જોયા કૃષ્ણને કાળ સ્વરૂપ, બળ૦ ભય પામ્યો છે મનમાં ભૂપ. અ૦ ૨
ખડ્ગ કંસે ધરિયું હાથ, બળ૦ નવ લઢાયું હરિની સાથ; અ૦
મારી મામાને તો એક લાત, બળ૦ પડિયો પૃથ્વી થયો ઊત્પાત. અ૦ ૩
તેના ઊપર કૂધા દયાળ, બળ૦ તતક્ષણ આણ્યો તેનો કાળ; અ૦

૧ મલ્લકુસ્તીની જગા. ૨ રાજાઓ અને અમીરોને બેસવાની ઊંચી જગો કરાવી લેવી તે.

માર્યો જાણીને કંસ ભૂપાળ, બળ૦ લાગી આઠ બંધવને ઝાળ. અ૦ ૪
મહા યુદ્ધ કર્યું હરિ સાથ, બળ૦ હરિયે માર્યા પોતાને હાથ; અ૦
કેશ કંસના ઝાલી તે વાર, બળ૦ વિશ્રામઘાટે લીધો નિર્ધાર. અ૦ ૫
આવી મામિયો તેણે ઠાર, બળ૦ કરવા માંડયું રૂદન અપાર; અ૦
દયા ઊપજી હરિને મન, બળ૦ કહ્યું કેમ કરોછો રૂદન. અ૦ ૬
આત્મજ્ઞાન વિચારોને આપ, બળ૦ એનાં પ્રગટયાં પૂર્વનાં પાપ; અસુરો૦
બોધ કરીને બતાવ્યું જ્ઞાન, બળ૦ દીધું દયાળે અભયદાન. અ૦ ૭
ક્રિયા કરી આવ્યા પૂરમાંહ૦ બળ૦ કીધા જાદવ એકઠા ત્યાંહ; અ૦
એ કથા તો વિસ્તારથી થાશે, બળ૦ દાસ છગન હરિગુણ ગાશે. અ૦ ૮

પદ ૩૫. રાગ ધોળ.

વધાવો રે વ્રજરાજને—ટેક.

આજ સરિયાંરે, સર્વે સંતનાં કાજ, વધાવોરે વ્રજરાજને;
દાદા ઊગ્રસેનને તો બોલાવિઆ, તેને કહેછેરે, કરો અભય રાજ; વધા૦ ૧
અમો રહીશું તમારા હુકમમાં, દેઈશું દુષ્ટનેરે, અમો અધિક માર; વધા૦ ૨
એમ કહીને આસન બેસારિયા, ચંવર કરતારે કર ગ્રહીને તેવાર; વધા૦ ૩
ત્યાંતો દેવનાં દુંદભી વાગિયાં,[1] વિબુધ વરસેરે, કાંઇ પુષ્પના હાર; વધા૦ ૪
જયજયકાર મુખેથી વાણી વદે, અપ્સરાઓરે, કરે થેઇથેઇકાર; વધા૦ ૫
મધુપુરીના લોક હર્ષિત થયા, ઘેર ઘેર થાયરે, શુભ મંગળાચાર; વધા૦ ૬
એ આદે લિલા વિસ્તારથી આવશે, છગન કહેછેરે અહીં તે તણો સાર; વધા૦ ૭

પદ ૩૬. રાગ જકડી.

જનની જીવોરે ગોપીચંદની—એ રાગ.

બંધીખાને બેઊ જણ પડયાં, વસુદેવ દેવકીમાતજી;
સંકટ તે સૌ સહન કરે, કંસ કેરો ઉત્પાતજી; બંધીખાને૦ ૧
પહોર નિશા રહી પાછલી, લાધ્યું છે સ્વપ્નુ તે વારજી;
વસુદેવજી ત્યાં વાણી વદે, સુણજો સુઘડ નારજી; બંધીખાને૦ ૨
શ્યામ રામ મથુરાં અવિયા, અક્રુર લાવ્યો આ ઠારજી;
અસુર ઘણા સંહારિયા, ઊતાર્યો ભૂમિ ભારજી; બંધીખાને૦ ૩

---

૧ દેવ.

કંસરાજાને તેણે મારિયો, ઉગ્રસેનને આપ્યું રાજજી;
એવું સ્વપ્નુરે મુને આવિયું, સરશે છગનનું કાજજી; બધીખાને૦ ૪

પદ ૩૭. રાગ ગરબી.

ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

દેવકીજી કહેછેરે સુણો કંથજી, તમ સ્વપ્નુ સ્વામી ક્યાંથી સાચું હોય જો;
એવા દિવસ પ્રભુ ક્યારે દેખાડશે, એમ કહીને આંસુડાં ઢાળી રોયજો. દેવકી૦ ૧
પુત્રકેરૂ મુખડુ મેં તો નિરખ્યું નથી, દુર્ભાગણીને કર્મે લખિયું દુઃખ જો;
એવાં ભાગ્ય નથીરે પિયુજી આપણાં, ક્યાંથી મળશે અણચિતવ્યું એ સુખજો. દે૦ ૨
માતા કહી મુજને ક્યારે બોલાવશે, અભિલાષા એ અંતર મારે થાયજો;
છાના રહો સ્વામીજી હવે બોલો નહિ, ઓચિંતા કંઈ અસુર જાગી જાયજો. દે૦ ૩
એ આદિક ક્યારે ઉત્તમ આવશે, સુણતાં તેની કાયા નિર્મળ થાયજો;
વિસ્તારથી વાતોરે તેમાં આવશે, દાસ છગન ગુણ પ્રભુના ગાયજો. દે૦ ૪

પદ ૩૮. રાગ ધીરાના પદનો—કાફી.

બેઊ બંધવ મળીનેરે, વિવિધની વાતો કરતા;
મળવાને માત તાતરે, અંગમાં ઉલટ ધરતા. ટેક૦
ઉગ્રસેન આદે અનેક જાદવ, લીધા પોતાનીરે સાથ;
હરિ હળધર એ મધ્યે બિરાજે, ચાલે પકડીનેરે હાથ;
સંતોના સુખદાઇરે ધીરેથી ડગલાં ભરતા. બેઊ બંધવ૦ ૧
કાળાગ્રહનાં કમાડ હતાં તે, કર અડકાડયો જ્યારે;
તાળાં તુટીને નીચેરે પડિયાં, ખુલી ગયાં તેતો ત્યારે,
ઓચિંતુ દર્શન દીધુંરે, માતા મુખે ઉચરતા. બેઉ બંધવ૦ ૨
અલોકિક રૂપ જોઇને દંપતિ, હદે હર્ષ અતિશે થાય;
હાથ કડી ને બેડી હતી તે તો, પળમાંરે તુટી જાય;
શ્યામ રામ જઇ પાસેરે, સંકટ તેનાં સૌ હરતા; બેઊ બંધવ૦ ૩
એ આદિ લિલા ઉત્તમ આવે, સુણજો ધરીને પ્રેમ;
કૃષ્ણ કૃષ્ણ કહેજો ભાઇ મુખથી, રાખજો રૂડોરે નેમ;
છગન કહે કરજોડીરે, રહો દુર્ગુણ થકી ડરતા. બેઊ બંધવ૦ ૪

પદ ૩૯. રાગ કીર્તન.

વારૂં ગોકુળ જોવાને આવશેરે મથુરાંના વાસી—એ રાગ.

આજ આનંદનો નહિ પારરે, વસુદેવને દ્વારે;
કીધો હર્ષેથી મંગળાચારરે, વસુદેવને દ્વારે. ટેક૦
જાદવ સર્વે ટોળે મળ્યારે, હૈડે છે હર્ષ અપાર;
જન્મોચ્છવ થયો સૂતનોરે, (૨) પુરણ આવ્યો પ્યારરે. વસુદેવને૦ ૧
વિપ્રને બોલાવ્યા વેગથીરે, કરે છે વેદ ઉચ્ચાર;
વિધિયે સ્નાન કરાવીયુંરે, (૨) ધર્યા શુભ શણગારરે. વસુદેવને૦ ૨
બે બંધવ બેઠા બાજોઠરે, તિલક કર્યું તે વાર;
સંકલ્પ પહેલાં કીધો હતોરે, (૨) લક્ષ ધેન આપી'સારરે. વસુદેવને૦ ૩
માનુની સર્વે ટોળે મળીરે, ઊભી છે ચોક મોજાર;
હાથમાં થાળ છે હેમનીરે, (૨) પૂજા સજી તે ઠારરે. વસુદેવને૦ ૪
હરિને હેતે વધાવતીરે, બોલે જય જયકાર;
ભાટ બંદીજન આવિયારે, (૨) દે છે આશ અપારરે. વસુદેવને૦ ૫
સર્વે જનને સંતોષિયારે, દીધું છે દ્રવ્ય અપાર;
હર્ષ ઘણો વસુદેવનેરે, (૨) આપે બન્યા ઉદારરે. વસુદેવને૦ ૬
નગ્ર લોક આવ્યા નિરખવારે, કરતા વિવિધ વિચાર;
માત તાત સુખીયાં કર્યાંરે, (૨) મળી બંને કુમારરે. વસુદેવને૦ ૭
રસિક કથા તે આવશેરે, સુણજો નરને નાર;
છગન કહે ભક્તિ કરોરે, (૨) ઊતરશો ભવ પારરે. વસુદેવને૦ ૮

પદ ૪૦. રાગ ગરબી—પરજ કાળંગડાની.

રોષ તજો વ્રજરાય, રસિયા રોષ તજોરે—એ રાગ.

ભાવે ચંદન ચર્ચ્યું શરીર, અધિક સેવા ઊર આણી;
કુબજા ઘેર ગયા બળવીર, પ્રેમથી કરી પટરાણી; ટેક૦
ભાવને વશ છે ભુધરો, નારી પુરૂષ ન ભેદ;
ભક્તિ કરે જો કોઇ ભાવથી, નીચ ઊંચનો નહિ નિષેધ. અધિક૦ ૧
વાંકી હતી તે સુધી કરી, દીધું છે રૂપ અપાર;
દાસી હતી તેની તો રાણી થઇ, એવા દયાળુ છે વિશ્વાધાર. અધિક૦ ૨

દેવાંગના દીલમાં કહે, ધન્ય છે કુબજા નાર;
કુબજા સમ આપણુ નહિ, જેણે વશ કીધા કીરતાર. અધિક૦ ૩
એવી લિલા પણુ આવશે, દીસે રસિક અપાર;
છગન કહેશે વિસ્તારથી, સુણજો હેતે નરને નાર. અધિક૦ ૪

પદ ૪૧. રાગ ગરબી.

સ્મરણ કરીયે સીતારામનુંરે—એ રાગ.

નંદને વિદાય કરવા સંચર્યારે, હરિ હળધર બે બંને વીરજો;
વસુદેવ ઊગ્રેસેન આદે સૌરે, મળવા ચાલ્યા ધરીને ધીરજો. નંદને. ૧
દૂરથી આવતા દીઠા સર્વનેરે, નંદજી ઊભા થયા તે વારજો;
અન્યોઅન્ય મળ્યા અતિ હેતથીરે, કીધા અરસ્પર્શ જુહારજો. નંદને૦ ૨
નંદજીએ મનમાં એવું જાણિયુંરે, મોહન આવશે મારી સાથજો;
આદર કરી પાસે બોલાવિયારે, બેસાડ્યા ઝાલી હરિનો હાથજો. નંદને૦ ૩
અન્ય ગોપ બીજા ઊભા હતારે, તેણે ન દીઠો હરિનો ભાવજો;
ઊરમાં અંદેશો પેદા થયોરે, આ કંઇ દીસે બીજો બનાવજો. નંદને૦ ૪
નંદજી કહેછે ચાલો વ્રજમાંરે, મોહન કેમ લગાડો વારજો;
ત્યારે પ્રભુએ ઉત્તર આપિયોરે, અમપર કીધો અદકો પ્યારજો. નંદને૦ ૫
તમે પાળણુ કીધું અમતણુંરે, કીધા અમપર ગુણુ અમાપજો;
તેનો હિસાબ કંઇ થાય નહિરે, એવું તો ન કરે મા ને બાપજો. નંદને૦ ૬
એવાં વચન સુણ્યાં વા'લાતણાંરે, વ્રજવાસીને પડિયો ત્રાસજો;
નંદ થયા અતિશે ગળગળારે, આવી પડિયા ચરણની પાસજો. નંદને૦ ૭
મોહન કહેછે એમ શાને કરોરે, અમારે કામ છે અહિયાં તાતજો;
તે કામ કરીને અમો આવશુંરે, ચિંતા કરશે જશોદા માતજો. નંદને૦ ૮
માટે પ્રથમ તમોને મોકલુંરે, ધિરજ દેજો સૌને અપારજો;
કોઇ વાતની ચિંતા કરે નહિરે, વ્રજવાસીનો મુજપર પ્યારજો. નંદને૦ ૯
એમ કહીને સૌ વિદાય કર્યારે, દ્રવ્યાદિક આપ્યો સરપાવજો;
હરિની માયાએ મોહિત થયારે, નંદજી સમજ્યા ભોળે ભાવજો. નંદને૦ ૧૦
ગોપગણુને લઇ ગોકુળ ગયારે, જશોદાજી વાટ જૂએછે જ્યાંહજો;
નંદને દેખી સામાં આવિયાંરે, હરિહળધર દીઠા નહિ ત્યાંહજો. નંદને૦ ૧૧
અતિ અધિરાં થઇને પૂછિયું રે, ક્યાં મૂકી આ મારો કહાનજો;

ધિક નંદ તમને ધિક્કાર છે રે, કેમ ભૂલી ગયા તમે ભાનજો. નંદને૦ ૧૨
નંદ કહે મેં તો ઘણું કહ્યું રે, એણીને સમજાવ્યા બહુ પેરજો;
તોએ કહ્યું મારૂં માન્યું નહિરે, મુજને મોકલી દીધો ઘેરજો. નંદને૦ ૧૩
કામ કરીને પછીથી આવશેરે, એવી દીધીછે મુજને ધીરજો;
હું તો ભોળપણેથી ભૂલી ગયોરે, એમ કહેતાં આંખે આવ્યાં નીરજો. નંદને૦ ૧૪
એ સમાચાર સુણતાંમાં સઉરે, આવી મૂર્છા પડિયાં ધર્ણજો;
શોક છાયો હૃદેમાં અતિ ઘણોરે, જાણે ઉપજ્યું સર્વને મર્ણજો. નંદને૦ ૧૫
એવી કથા ઉત્તમ આવશેરે, વિસ્તારથકી વર્ણન થાશેજો;
દાસ છગન કરજોડી કરગરેરે, ગુણ ગોવિંદતણા તો ગાશેજો. નંદને૦ ૧૬

પદ ૪૨. રાગ ગરબી.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ.

વિર્હાનળ વેદના વ્રજમાં ભારીરે, વ્યાકુળતાથી શુદ્ધબુદ્ધ વિસારી. વિર્હા. ટેક.
નંદ જશોદાજી સોચ કરેછેરે, ઘેલાં સરખાં થઇને ફરેછેરે;
મુખથી પુત્ર પુત્ર ઉચરેછે; વિર્હાનળ૦ ૧
એક ઠામ મળી છે વ્રજનારીરે, તેણે વાત તો મનમાં વિચારીરે;
કીધી કુબ્જાને પ્રાણથી પ્યારી, વિર્હાનળ૦ ૨
એણે કામણ કાંઇએક કીધુંરે, આપણું રત્ન હરીને તો લીધુંરે;
થઇને શોકલડી દુઃખ દીધું, વિર્હાનળ૦ ૩
કામણગારી છે કુબ્જા નારીરે, એના વશમાં થયા છે મોરારીરે;
તે થકી આપણી શુદ્ધ વિસારી, વિર્હાનળ૦ ૪
મથુરાંથી ગોપ સઘળા આવ્યારે, હરિયે આવ્યાના સંદેશા કાવ્યારે;
એટલી કૃપા આપણપર લાવ્યા, વિર્હાનળ૦ ૫
ગાયો હરિની ઉદાસી ફરતીરે, ઘાસ પાન ચારો નવ ચરતીરે;
આંખે આંસુ અહોનિશ ભરતી, વિર્હાનળ૦ ૬
ગોપગણ તો હરિને સંભારેરે, ક્ષણ વાર પ્રભુને ન વિસારેરે;
મુખથી કૃષ્ણ કૃષ્ણ તો ઉચ્ચારે, વિર્હાનળ૦ ૭
એ લિલા વિસ્તારથી કહેવાશેરે, અતિ સ્નેહથી નરનારી ગાશેરે;
છગન કહેછે તે પાવન થાશે, વિર્હાનળ૦ ૮

પદ ૪૩. રાગ ગરબી.

માારગ મુકોને કહુછું કા'ના કયારનીજો---એ રાગ.

એક દીન વસુદેવે વિચારિયુંજો, શ્યામરામને ઊપવિત ધારિયુંજો; એક૦ ૧
કુળ વૃદ્ધ માણસને બોલાવિયાજો, શુભ સમાચાર તો સંભળાવિયાજો; એક૦ ૨
નંદ ગોપઘેર હરિ રહ્યા ઘણુંજો, તેથી આચરણ શું જાણે આપણુંજો; એક૦ ૩
કુળધર્મ તો આપણો બતાવિયેજો, શુભ સમાચાર તો સંભળાવિયેજો; એક૦ ૪
એવી વારતા સૌકોને પસંદ પડીજો, વિપ્ર વેદિયા બોલાવ્યા તેણી ઘડીજો. એક૦ ૫
શુભ મુહુર્ત તેણે બતાવિયુંજો, તે દિવસે ઊપવિત અપાવિયુંજો; એક૦ ૬
મંત્રનો ઊપદેશ ત્યાં વિપ્રે કર્યોજો, માત તાતનો મનોરથ સૌ સર્યોજો. એક૦ ૭
એ આદી લિલા ઊત્તમઆવેઘણીજો, છગન સુણતાંઆશપોચેતેતણીજો; એક૦ ૮

પદ ૪૪. રાગ ઘોળ.

તાંબાકુંડીએ તે નગર સોહામણી—એ રાગ.

બ્રહ્મચાર વ્રત પાળિયું. ટેક૦
વાલો ઊજણુ નગરીમાં આવિયા, સાથે સોહે બળભદ્ર વીરરે; બ્રહ્મ૦
સંધિપન ઋષિ ત્યાં રહેતા હતા, વિદ્યાવંત ગુણના ગંભીરરે; બ્રહ્મ૦ ૧
તેને ઘેર ગયારે બેઊ બંધવા, ઊરમાં ધરી અતિશે આશરે; બ્રહ્મ૦
કહ્યું વેદવિદ્યારે અમો શીખવા, સ્વામી આવ્યા તમારી પાસરે; બ્રહ્મ૦ ૨
સુણીને સંધિપન તો રાજી થયા, સુંદીર દીઠા ઘણા સકુમારરે; બ્રહ્મ૦
વિધિ સહિતતો વિદ્યા ભણાવતા, કર્તા મુનિ પ્રભુપર પ્યારરે; બ્રહ્મ૦ ૩
થોડા દિવસમાંતોરે શાસ્ત્રો સહુ, ભણી ગણી થયા હુશિયારરે; બ્રહ્મ૦
ગુરૂદક્ષિણામાં આણીને આપિયો, મૃત્યુ પામેલો તેનો કુમારરે; બ્રહ્મ૦ ૪
એ આદિક કથા શુભ આવશે, વૈષ્ણવજનને વાધે પ્રેમરે; બ્રહ્મ૦
કથા કેર શ્રવણુ કીર્તન કરે, છગન તરશે સૌ સંસારરે; બ્રહ્મ૦ ૫

પદ ૪૫. રાગ ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળી કાળકારે લાલ-એ રાગ.

એક દિન ઊદ્ધવ કેરી સાથકે, હરજી વાતો કરેરે લોલ;
વ્રજવાસીનો થયો વિયોગકે, નિશદીન સાંભરેરે લોલ. ૧
ઊદ્ધવ જ્ઞાન આપે અપારકે, હરિને સમજાવતારે લોલ;
આતો જૂઠો જગવ્યવહાર કે, બોધથી બતાવતારે લોલ. ૨

હરિ કહે સુણો પ્યારા મિત્રકે, વાત તો સાચી કહીરે લોલ;
વ્રજવાસીનો અધિકો પ્રેમકે, મનથી મુકે નહિરે લોલ. ૩
તમો વ્રજમાં જાઓ એક વારકે, જ્ઞાન તેને તો કરોરે લોલ;
બ્રહ્મરૂપે ભજે ભગવાનકે, બતાવો બોધ ખરોરે લોલ. ૪
જ્ઞાન ગર્વ ધરી મનમાંહકે, અંગે ઊલટ ધરીરે લોલ;
વ્રજમાં જાવા થયા તૈયારકે, વાત તો કબુલ કરીરે લોલ. ૫
પોતે રાજી થયા પ્રભુ ત્યાંહકે, વસ્ત્રો પહેરાવિયાંરે લોલ;
મોહને આપ્યો છે મુગટકે, આભરણુ આરોપિયાંરે લોલ. ૬
રૂડો રથ પોતાનો મંગાવીકે, બેસાડી વિદાય કર્યારે લોલ;
સંદેશો કહી કીધા વિદાયકે, પોતે તો પાછા ફર્યારે લોલ. ૭
ઊદ્ધવ જાવા થયા તૈયારકે, વ્રજમાં જેણી ઘડીરે લોલ;
એ ઊત્તમ કથા તો કહેશેકે, છગન પાયે પડીરે લોલ. ૮

પદ ૪૬. રાગ ગરબી.

આજ બહુચરાજી માત ગરબે રમેરે લોલ—એ રાગ.

વ્રજગવન લિલા તો શુભ આવશેરે લોલ;
પ્રેમી ભક્તોતણે મન ભાવશેરે લોલ. ૧
નંદ નંદનસમ રૂપ પોતે કરીરે લોલ;
ઊદ્ધવ આવ્યા અંગે ઊલટ ધરીરે લોલ. ૨
સર્વે દૂરથી આવતો રથ દેખિયોરે લોલ;
પ્રભુ સરખો પોશાગ તેનો પેખિયોરે લોલ. ૩
જોવા ગોપી આતુર મન બની ઘણીરે લોલ;
વાટ જોતી હતી તે વહાલાતણીરે લોલ. ૪
છેક નજીક રથ જયારે આવી ચડયોરે લોલ;
બીજો પુરૂપ તેની નજરે પડયોરે લોલ. ૫
જશોદા આદે વ્રજનારી ટોળે મળીરે લોલ;
આવી મૂર્છાને સર્વ ધરણી ઢળીરે લોલ. ૬
એક કહેતી સુણો આ કોઇ આવિયોરે લોલ;
પ્રેમપત્રિ હરિની શુભ લાવિયોરે લોલ. ૭
સુણતાં વચનશુદ્ધિ કંઇએક થઇરે લોલ;

પ્રેમ કરી ઊદ્ધવ ઘેર લેઇ ગઇરે લોલ. ૮
આગતા સ્વાગતા ઊદ્ધવની કીધી ઘણીરે લોલ;
ખબર પુછી હરિ હળધરતણીરે લોલ. ૯
વ્રજના પ્રેમની કથા શુભ આવશેરે લોલ;
પ્રેમિભક્તને મન ઘણી ભાવશેરે લોલ. ૧૦
વિસ્તારથી સર્વે વાતનું વર્ણન થશેરે લોલ;
સુણતાં શોક સંતાપ સર્વે જશેરે લોલ. ૧૧
વ્રજવાસીનો પ્રેમ કહીયે કેટલોરે લોલ;
છગન વર્ણવી શકે કેમ તેટલોરે લોલ. ૧૨

પદ ૪૭. રાગ ગરબી.

ઊદ્ધવજી સંદેશો કહેજો સ્યામને—એ રાગ.

ઉદ્ધવજી આવ્યાતા વ્રજમાં વેગથી, ગોપીજનને કરવા જ્ઞાન ઊપદેશજો;
ખટ મહિના વિત્યારે તેના ખેપમાં, બ્રહ્મજ્ઞાન ન આવ્યું તેને લેશજો. ઊદ્ધ૦ ૧
સગુણ રૂપનું ધ્યાન હતું સર્વને, નેહથી ભજતાં નંદજી કેરો લાલજો;
નટવર રૂપ નીરખી સુખ પામતાં, બ્રહ્મજ્ઞાનને જાણેછે જંજાળજો. ઊદ્ધ૦ ૨
દ્રઢતા તો જોઇરે વ્રજવાસીતણી, ઊદ્ધવજીનો ઊતરિયો અભિમાનજો;
ગુરૂ બનવાને આવ્યાતા ગોપિતણા, ચેલા બનીને ધરીયું હરિનું ધ્યાનજો. ઊ૦ ૩
ધન્ય ધન્ય ધન્ય છે વ્રજવાસીને, પ્રેમ તમારો મુખે કહ્યો નવ જાયજો;
તમોએ ઓળખ્યારે સુંદીર સ્યામને, ગણના તમારી કોઇથી ન ગણાયજો. ઊ૦ ૪
એમ કહીને વિદાય માગી તે સમે, ગોપિજનને દીધી ઘણી આશીષજો;
સંદેશો કહાવ્યોરે સુંદીરસ્યામને, રશિઆ હવે રાખો નહિ કંઇ રીસજો. ઊ૦ ૫
અવગુણ અમારા ઊરમાં આણો નહિ, સમજાવીને કહેજો સારી પેરજો;
બોધે કરી હરિને સર્વ બતાવજો, મોહનજીને મોકલજો અમ ઘેરજો. ઊ૦ ૬
સંદેશો લેઇનેરે મથુરાં આવિયા, સમાચાર સૌ કહ્યા હરિને તે વારજો;
ત્રિલોકમાં કોઇ જગોએ દીઠો નહિ, વ્રજવાસીના સરખો પુરણ પ્યારજો. ઊ૦ ૭
એ લિલા ઊત્તમ અને રસિક ઘણી, સુણતાં ગાતાં જાય સર્વ સંતાપજો;
પ્રેમિ બની છગન ભજો ભગવાનને, તનમાં ન રહે ત્રિવિધિના તાપજો. ઊ૦ ૮

ભાગ બીજાની લિલાની અનુક્રમણિકા.

બીજા ભાગનાં કુલ ૧૧૦૧ પદ.

પ્રથમ ભાગનાં કુલ ૭૨૮ પદ.

એકંદર બંને ભાગનાં ૧૮૨૯ પદ છે.

શ્રી આચાય મહાપ્રભુજીની સાતે ગાદીયોના લાલને

વિનયપત્રિકા.

રાજાધિરાજ શ્રી ગોસ્વામિજી મહારાજ,—

આ કળયુગના સમયમાં ભક્તિનો અતિ પ્રભાવ છે એવું દરેક શાસ્ત્રમાં કહેછે, અને તેજ ભકિતનો પ્રસાર કરવો એ આપનો મુખ્ય હેતુ છે.

આ જગતમાં જે દૈવી જીવ છે પણ તેને આસુરી જીવની સોબત થવાથી તથા ભગવાનની માયામાં લુબ્ધ થઇ અવળે રસ્તે ચડેલા હોય છે તેને સવળે માર્ગે દોરવાને માટેજ અગ્નિકુમારોએ અવતાર ધારણ કરેલો છે. તેનું સાફલ્યપણું તો ત્યારેજ કહેવાય કે લોકોને સદ્ ઉપદેશ કરવો અને જે જે ધર્મ અને નીતિનાં પુસ્તકો પ્રગટ થાય તેને ઘટતો આશ્રય આપી તેનો બનતા પ્રયાસથી ફેલાવો કરવો. આપ કદી એમ આજ્ઞા કરશો કે તે વિશેનાં પુસ્તકો જેટલાં જોઇએ તેટલાં પ્રથમથીજ બનેલાં છે, એટલે નવીન ગ્રંથની જરૂર નથી. તો તે વિશે વિનતિ કરવાની કે જેમ જેમ કાળચક્ર ફરે છે તેમ તેમ માણસની બુદ્ધિમાં પણ ફેરફાર થતો જાયછે. જે જે વખતમાં જે જે પુસ્તકો બને છે તે તે વખતમાં તેજ પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડે છે. અને લોકોને પ્રિય પણ લાગે છે. તો આ જમાનાના દૈવી મનુષ્યના મનને આકરષણ કરી સુમાર્ગમાં ખેંચવાને આ **વ્રજવિહાર મુક્તાવળી** નામનો ગ્રંથ અતિશય ઉપયોગી થઇ પડે તેમ છે. તેનો ટુંક સારાંશ વાંચવાથી કે સાંભળવાથી આપની પૂર્ણ ખાત્રી થશે.

આ પુસ્તક હું બીજા કોઇને અર્પણ કરવા ધારૂં તો કોઇ વૈષ્ણવ રાજા અથવા શેઠ શાહુકાર સારી મદદ કરવાને રાજી થાય, પણ મારો વિચાર તો એવો છે કે આ મહદ પુસ્તક ગોસ્વામીજી મહારાજને અર્પણ કરવું વધારે સારૂં છે. સાતે ગાદીના ગોસ્વામીજી મહારાજોને આ સારાંશનું પુસ્તક ભેટ તરીકે મોકલવામાં આવશે. તેમની પાસે એટલીજ મદદ માગું છું કે પોતે પોતાના શ્રૃષ્ટિનાં મંદીરો તથા સારા સારા આબરૂદાર વૈષ્ણવોને પત્રદ્વારાએ ખબર આપી આ પુસ્તકના ગ્રાહકો થવા સુચના આપે. અને તેમનાં નામ ઠામ ઠેકાણાની એક નોંધ કરી મારી તરફ મોકલી આપે તો એ પુસ્તક વેલ્યુપે-

બલથી તેમની તરફ અત્રેથી મોકલવામાં આવે. કોના તરફથી કેટલી મદદ થઇ તે એ પુસ્તકમાં તેમના અમર નામની સાથે નોંધ આપવામાં આવશે.

પુસ્તકની નોછાવર, ભાગ ૧ લાની રૂ. ૧-૮-૦ તથા ભાગ બીજાની રૂ. ૨-૮-૦ પડશે. ટપાલખર્ચ તથા વેલ્યુપેબલ ખર્ચ મગાવનારને શીર છે.

ભટ્ટ. છગનલાલ ખુશાલ.

મુકામ વાડાસાંનોર. ઈલાકે રેવાકાંઠા.

જે જે સાહેબો તરફ આ સારાંશનું પુસ્તક ભેટ મોકલવામાં આવે તેમને વીનતિ કરવાની કે કેટલાક લોકો મોજશોખમાં અને બીજાં અન્ય પુસ્તકોમાં પોતાનાં નામ નોંધાવવામાં હજારો રૂપિયા ખર્ચેછે. પણ ખરો લાભ તો આવા ભગવદ ગુણાર્બિંદના પુસ્તકમાં નામ નોંધાવી અમર કરવું એજ મનુષ્યજન્મનું સાર્થક છે, માટે જેમ બને તેમ તન મનને ધનથી આ પુસ્તકને મદદ કરી એનો બહોળો ફેલાવો કરવો એ દરેક વૈષ્ણવની પોતાની ખાસ ફરજ છે એમ જાણવું. ગ્રાહકો અને મદદનીશોની નોંધ આ પુસ્તકમાં આપવામાં આવશે. એક જુદા કાગળપર નીચેના નમુના પ્રમાણે આંકી તેમાં થનાર ગ્રાહકની સહી લેવી. અને તે કાગળ તૈયાર કરી મારી તરફ મોકલવા મહેરબાની કરવી. આ પુસ્તકના બંને ભાગ સાથે છપાવાના નથી, પણ પ્રથમ ભાગ પહેલો છપાઇ તૈયાર થયેથી ગ્રાહકો તરફ મોકલવામાં આવશે, પછી બીજો ભાગ છપાવવા શરૂ કરીશું. તે પછીથી મોકલવામાં આવશે. માટે ગ્રાહક થનારે ગભરાવું નહીં. પ્રથમ ભાગના પૈસા આવી ગયાથી બીજો ભાગ છપાશે. કારણકે પૈસાનું સાધન નથી માટે એમ કરવા ધાર્યું છે. વળી આ પુસ્તકની નોછાવર એવી રાખેલી છે કે માત્ર એની છપામણી વિગેરેનું ખર્ચ એમાંથી ભાગ્યે પુરૂ પડે. પણ એ પુસ્તક વાંચી સદ્‌ગૃહસ્થોનું મન રાજી થાય તો કદરદાની કરી કંઇ ઇનામ તરીકે ઇનાયત કરશે તો તેથીજ હું સંતોષ માની લઇશ. આ પુસ્તકના જેટલા ગ્રાહક થશે તેટલાંજ છપાવવામાં આવશે માટે આ ભેટ પત્ર પહોચ્યાથી તુરત પોતાનું તથા પોતાના મિત્રોનું જે ગ્રાહક થાય તેમનું નામ ઠામ પુરા પત્તા સાથે તાકીદે લખી મોકલવું. કદી એમાં વીલંબ થશે તો તેણે બીજી આવૃત્તિ છપાતા સુધી ધીરજ રાખવી પડશે. આ પુસ્તક સ્ત્રી અને પુરૂષને વાંચવાને ઘણું ઉપયોગી થઇ પડશે, તેમ જે લોકો વાજીંત્રની સાથે કથા કરનારા છે તેને તો અતિ ઉપયોગી થઇ પડે તેમ છે. ભગવદ્ કથાના મધુર ગાયનથી લોકોને વધારે પસંદ આવે તેમ છે અને તેથી લાભ પણ સારો મળશે. આ પુસ્તક એક વખત વાંચશે એટલે તે હજારો માણસ આગળ તેની વાહવા બોલી તારીફ કર્યા વગર રહેનાર નથી. તેમ રાસધારી લોકોને પણ એનાં ગાયન ઘણાં ઉપયોગી થઇ પડે તેમ છે. માટે એ પુસ્તકની વારંવાર આવૃત્તિઓ નીકળશે એવો સંભવ છે. પુસ્તક વાંચેથી સર્વની ખાતરી થશે.

વ્રજવિહાર મુક્તાવળીની નોછાવર નોંધવાનો કોઠો.

ગ્રાહકનું નામ.	ગામનું નામ. પ્રગણું, જીલ્લે. ઠેકાણું.	અટક. ઓદ્ધો. ઇલકાબ.	ભાગ ૧. નંગ	નોછાવર.	ભાગ ૨. નંગ	નોછાવર.

આ પ્રમાણે પત્રક ભરી ઇલાયદુ નીચે સહી કરનાર તરફ તાકીદે મોકલાવશો.

વ્રજવિહાર મુક્તાવળીની નોછાવરની વિગત.

ભાગ ૧ લાની નોછાવર......રૂ. ૧—૮—૦
ભાગ ૨ જાની નોછાવર......રૂ. ૨—૮—૦
ટપાલખર્ચ જુદું.
વેલ્યુપેબલ ખર્ચ જુદું.

ભટ્ટ છગનલાલ ખુશાલ.
મુ. વાડાસીનોર.
ઇલાકે રેવાકાંઠા.